Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૪૦ મું. સંવત ૧૯૯૯

卐 卐



અંક ૮ મો. માર્ચ ફાલ્ગુન

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


૧. પ્રભુધ્યાન . . . . . ૧૭૩
૨. હૃદયભાવના . . . . ૧૭૪
૩. મિથ્યાભિમાન . . . . ૧૭૬
૪. વીતરાગ દેવની આરાધના . ૧૮૧
૫. મુક્તિ . . . . . ૧૮૫
૬. શ્રી જૈનાગમ નિયમાવલી . ૧૮૬
૭. યોગની અદ્ભુત શક્તિ . . ૧૮૮
૮. વર્તમાન સમાચાર ( આ સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસને અપાયેલ માનપત્ર . ૧૯૨


**આ સભાના નવા થયેલા માનવંતા પેટ્રન સાહેબોના મુબારક નામો, ફોટા સાથે વિગતવાર નોંધ આવતા અંકમાં આપવામાં આવશે.**

---

## નવા થયેલા માનવંતા સભાસદો

| | | | |
|---|---|---|---|
| ૧. | શેઠ ત્ર્યંબકલાલ છગનલાલ | વઢવાણ કેમ્પ | લાઇફ મેમ્બર. |
| ૨. | દોશી છોટાલાલ નરશીદાસ | ,, | ,, |
| ૩. | ઝવેરી ચીમનલાલભાઇ માનચંદ | મુંબઇ | ,, |
| ૪. | શેઠ ઠાકરશીભાઇ લહેરચંદ | વઢવાણ કેમ્પ | ,, |
| ૫. | શેઠ મહેશચંદ્ર વ્રજલાલ | ,, | ,, |
| ૬. | ઝવેરી કાળીદાસ સાંકળચંદ | મુંબઇ | ,, |
| ૭. | શ્રી સાગરગચ્છ જૈન ઉપાશ્રય | પાલણપુર | ,, |
| ૮. | શાહ પ્રભુદાસ ગિરધરલાલ | મુંબઇ | ,, |
| ૯. | દોશી ચતુર્ભુજ અમીચંદ | ,, | ,, |
| ૧૦. | શાહ દલીચંદ પરશોતમદાસ | ,, | ,, |
| ૧૧. | શાહ કુમુદરાય મગનલાલ હંસરાજ | ભાવનગર | ,, |
| ૧૨. | શેઠ અનંતરાય જાદવજીભાઇ | ,, | ,, |
| ૧૩. | શેઠ પન્નાલાલ વર્ધમાન | મુંબઇ | ,, |

---

## ભેટના ગ્રંથો.

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટના ગ્રંથો આ વખતે આપવાના છે. બે ગ્રંથોનું થોડું કામ બાકી છે, જેથી તે ભેટના ગ્રંથોના નામો આવતા અંકમાં આપવામાં આવશે અને તે સઘળા ગ્રંથો આવતા ચૈત્ર શુદિ પૂર્ણિમાના શ્રી સિદ્ધાચળજી પવિત્ર તીર્થની યાત્રાના માંગલિક દિવસોથી ભેટ મોકલવાનું કાર્ય શરુ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૪૦ મું : આત્મ સં. ૪૭ વિક્રમ સં. ૧૯૯૯ : ફાલ્ગુન :
અંક : ૮ મો : વીર સં. ૨૪૬૯ ઈ. સ. ૧૯૪૩ : માર્ચ :

## પ્રભુધ્યાન.

[ તર્જ : જન્મ લીયા તો જી લે બન્દે. ]

જો કરના વો કર લે હંસા! જીવન હે શુનશાન;
હંસા! કર લેના પ્રભુધ્યાન......હંસા૦ [ ૩ વાર ]
કયા બેઠા હૈ કયું ખોતા હૈ, માનવજન્મ પ્રધાન;
હંસા! માનવજન્મ પ્રધાન;
કયું અક્કડ થઇ ફરતા હૈ તું, દો દિન કે મહેમાન,
હંસા! દો દિન કે મહેમાન;
છે ચંચળ એ પ્રાણ, હંસા! જીવન હૈ શુનશાન...હંસા૦ [ ૨ વાર ] ૧
જો નમતા સો તરતા હંસા, જો ભૂલતા વહ ફરતા હંસા;
છે ચંચળ એ પ્રાણ...........હંસા૦ [ ૨ વાર ]
ધરમકરમ ભૂલી કયું બનતે, યૌવન મેં મસ્તાન;
હંસા! યૌવન મેં મસ્તાન...હંસા૦
સુખ નહીં એ જુઠે જગ મેં, દુઃખો કી હૈ ખાન...હંસા૦ [ ૨ વાર ]
છે ચંચળ એ પ્રાણ હંસા!......જીવન હે૦ [ ૨ વાર ]
પ્રેમ સજાલે પ્રભુ કા સાચા, મુજ મન માચા તન સબ નાચા;
છે ચંચળ એ પ્રાણ હંસા! જીવન હૈ૦ [ ૨ વાર ] ૨
વિષ સમા વિષયો મેં રસિયા, બનશો ન ગુલતાન...હંસા૦
જાએંગે યશ જિન કો સમરી, શિવપુર કે મેદાન હંસા૦
છે ચંચળ એ પ્રાણ...........હંસા૦ [ ૨ વાર ] ૩

—સુયશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હૃદયભાવના.

( વસંતતિલકા )

ઉદ્ધારમાં પતિતના કરવો સુયત્ન,
સંસ્કારની સફળતા મહીં હો પ્રયત્ન;
સત્કર્મમાં નિરત માનસ મારું થાય,
સત્પંથમાં મનુજનાં દિલ સૌ સુહાય. ૧

પ્રાણી બને અશુભ કર્મથી પાપ બુદ્ધિ,
પ્રાણી બને સુભગ કર્મથી પુણ્ય બુદ્ધિ;
જીવો વિષે વિમલને સમતાની બુદ્ધિ,
હોજો સદા જિનવરાનુપ્રદિષ્ટ બુદ્ધિ. ૨

કારુણ્યથી દ્રવિત થાય સદા ય ચિત્ત,
દીનોતણી નિરખી દીનદશા, પ્રતપ્ત;
ને કોઇનું વિભવપૂર્ણ નિહાળી તેજ,
આત્મા ધરે હૃદયમાં ઉછરંગ સ્હેજ. ૩

બ્રહ્મા હજો હર હજો હરિ તે કદાપિ,
અલ્લાહ કે જિન હજો વીતરાગધારી;
રાગાદિ દોષ જીતનાર પરાક્રમી જે,
સંસારના સકલ તાપ વિનાશતા જે. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વંદ્ય છે જગતને પરમાત્મરુપ,
તે ધ્યેય છે મનુજને પરમાર્થરુપ;
સંસારનું પરમધામ વિરાગરુપ,
આત્માતણું વિમલ સત્ય અગાધરુપ. ૫

સંતોષ છે પ્રણયની સરિતા વિશુદ્ધ,
સંતોષ છે વિમલ જીવનમાર્ગ શુદ્ધ;
સંતોષથી સકલ સૌખ્યની પ્રાપ્તિ થાય,
સંતોષથી વિપદસાગર શાન્ત થાય. ૬

સંતોષહીન મનુજો નિજ બંધુઓનાં,
રક્તો વહાવી અપકીર્તિ કરે સદાએ;
તૃષ્ણાતણા વિષમ માર્ગ વિષે વહીને,
હિંસાભર્યા નરકમાં પડતા સદાએ. ૭

માટે બધા મનુજ એક બની રહેજો,
સંતોષનો પરમપાવન લાભ લેજો;
ને સામ્યની નજરથી નિરખી જનોને,
વ્હેજો બધા અમર આત્મની સૌમ્ય રાહે. ૮

**હેમેન્દ્ર** તો સકલ જીવની એકતામાં,
તલ્લીન શો બની જઇ નિરખે ધરામાં;
ચૈતન્યના સુયશ ગાય સુકાવ્યરુપે,
ને મસ્ત થૈ વિલસતો નિજ આત્મરુપે. ૯

રચયિતા : **મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મિથ્યાભિમાન

લેખક : આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

વસ્તુસ્થિતિથી અણજાણ માનવસમાજમાં અભિમાનની માત્રા અધિકતર જોવામાં આવે છે. આ અભિમાન પૌદ્‌ગલિક વસ્તુનું હોવાથી મિથ્યાભિમાન કહેવાય છે. અભિમાની હમેશાં અશાંત જ રહે છે; કારણ કે તેને પ્રશંસા બહુ ગમે છે. આ પ્રશંસા બીજાની પાસેથી મેળવવાની હોવાથી જેનાતેના આગળ પોતાના વખાણ કરે છે. જો કોઇ તેનાં વખાણ સાંભળીને તેની પ્રશંસા કરે તો તે પોતે બહુ રાજી થાય છે અને કોઇ વખોડે તો તેનો વિરોધી થાય છે. પ્રશંસા બે પ્રકારની હોય છે: એક ગુણની અને બીજી સંપત્તિની. દરેક પ્રકારની કળાઓ ગુણ કહેવાય છે અને ધનધાન્ય વગેરે સંપત્તિ કહેવાય છે. સંપત્તિની પ્રશંસા કરતાં ગુણની પ્રશંસા મનુષ્યોને બહુ ગમે છે. ગુણ હોય કે ન હોય તો પણ બીજાની કરેલી પ્રશંસાથી પોતે બહુ ફુલાય છે અને સામેનો માણુસ દોષી કે અપરાધી હોય તો તે તરફ લક્ષ ન આપતાં તેની ઇચ્છા પ્રમાણે વર્તવા તૈયાર થઇ જાય છે. મહાકષ્ટે ઉપાર્જન કરેલા દ્રવ્યનો વ્યય કરતા જરા યે સંકોચાતો નથી.

મિથ્યાભિમાનીનો આત્મા અત્યંત નિર્બળ હોય છે; જેથી કરીને તેના અંદર અસહિષ્ણુતા પુષ્કળ રહેલી હોય છે. પરની સંપત્તિ તથા ગુણોને જોઇને ઈર્ષાથી કલુષિત ચિત્તવાળો રહે છે. પોતે બીજાની પ્રશંસા કરી શકતો નથી તેમજ બીજાની પ્રશંસા સાંભળી પણ શકતો નથી. જે વસ્તુનું પોતાને અભિમાન હોય છે તે વસ્તુ બીજાની પાસે સારામાં સારી અને વધુ પ્રમાણમાં હોય તો તેની પ્રશંસા કરવાને બદલે ઈર્ષાથી તેને વખોડી કાઢે છે.

મનુષ્યને દરેક વસ્તુ પુન્યથી પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી પુન્યબળ હોય છે ત્યાં સુધી ગમે તેટલા અપરાધ કરવા છતાં પણ તે વસ્તુ તેની પાસેથી જતી નથી, તેથી કેટલાક અજ્ઞાની દેહાધ્યાસી માનવી તે વસ્તુનું અભિમાન ધરાવે છે, કારણ કે તેને પૌદ્‌ગલિક વસ્તુની ક્ષણવિનશ્વરતાનું જ્ઞાન જરા યે હોતું નથી; તેમજ દેહથી ભિન્ન પોતાને ઓળખી શકતો નથી. પોતાને દેહસ્વરૂપ માનનારને જ મિથ્યાભિમાન હોય છે. સંસારમાં આત્માને આશ્રયીને વ્યવહાર ચાલતો નથી પણ આત્માએ ધારણ કરેલા દેહ તથા તેને ઓળખવાને માટે રાખેલા નામને આશ્રયીને અહંતા થાય છે; કારણ કે પ્રશંસા કરનાર આત્માને ઉદ્દેશીને પ્રશંસા કરતો નથી, છતાં આત્મા અજ્ઞાનતાથી એમ માને છે કે મારી પ્રશંસા થાય છે, પણ મારાથી ભિન્ન દેહની પ્રશંસા થાય છે એમ માનતો નથી.

કર્મના વિકારસ્વરૂપ દેહ તથા દેહમાં રહેલા રૂપ, બળ, બુદ્ધિ તેમજ દેહની સાથે સંબંધ ધરાવનાર ધનસંપત્તિ કે જે એક આત્માથી ભિન્ન પરવસ્તુ છે તેનું અભિમાન આત્મા પોતે કરતો હોવાથી દેહાદિની પ્રશંસા સાંભળી પોતે રાજી થાય છે અને કોઇ તેને વખોડે તો તેના ઉપર ગુસ્સે થાય છે, અને આજ વસ્તુઓ જો બીજાની પાસે હોય તો તેના પોતે વખાણ કરતો નથી પણ તેને વખોડીને રાજી થાય છે. જો કે દેહાદિ પૌદ્‌ગલિક વસ્તુઓ પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે હોય કે બીજાની પાસે હોય તો પણ પોતાનાથી તો ભિન્ન-પર વસ્તુ જ છે, છતાં મમત્વને લઇને દેહાધ્યાસથી પોતાની વસ્તુની પ્રશંસા અને બીજાની નિંદા કરે છે. પર-પૌદ્ગલિક વસ્તુઓની સ્તુતિ કે નિંદા કરવાથી જીવનું કાંઇ ઇષ્ટ કે અનિષ્ટ થતું નથી તો પણ અજ્ઞાનતાથી અહંતા તથા મમતાને લઇને જીવ પોતાનું અનિષ્ટ કરે છે. પુન્યકર્મથી મળેલી પૌદ્ગલિક પરવસ્તુઓમાં મમતા ધારણ કરીને મિથ્યાભિમાન કરનાર આત્મા કેવળ કલેશનો જ ભાગી બને છે. અનાદિકાળથી કર્મની સાથે ઓતપ્રોત થઇ ગયેલા આત્માઓમાં કોઈક વિરલો જ એવો હશે કે જે મિથ્યાભિમાન રહિત થઈને પ્રશંસાપ્રિય ન હોય. સંસારને અસાર માની કિનારે થનારાઓમાં પણ મિથ્યાભિમાન રહેલું હોય છે. જો કે તેમની પાસે અભિમાન કરવા માટે ધનસંપત્તિ વગેરે વસ્તુઓ હોતી નથી, એટલે તેનું અભિમાન તો કરી શકતા નથી, તો પણ જેઓ દર્શનમોહનીયના દાસ બનેલા હોય છે તેમને અજ્ઞાનતાને લઈને દેહ તથા આત્માની ભિન્નતા સાચી રીતે જણાતી નથી, જેથી કરીને તેઓ ફેરવીને રાખેલા બનાવટી નામની મોટાઈ માટે કષાયોનો આશ્રય લે છે. વિલાસી જીવોને તો ધન, સંપત્તિ, રૂપ, બળ, જાતિ, કુળ વગેરેનું જ અભિમાન હોય છે અને તેનીજ મોટાઇ અને પ્રશંસા માટે પ્રયાસ કરે છે પણ ઉચ્ચ કોટીના વિકાસી પુરુષો સંબંધી પ્રશંસા કરાવવાને સાહસ કરતા નથી, પરંતુ બધું છોડી દઈને આત્મવિકાસને માર્ગે પ્રયાણ કરવાનું કહેનારાઓ ઉચ્ચ કોટીના વિકાસી પુરુષોના ગુણોની છાયા સરખીયે ન હોવા છતાં, વિકાસીપણાનું મિથ્યાભિમાન ધારણ કરીને બીજાની પાસેથી વિકાસીપણાની પ્રશંસા કરાવવા પ્રયાસ કરે છે.

વિકાસ આત્માનો હોઇ શકે છે; પરંતુ દેહનો હોતો નથી. દેહનો તો વિલાસ હોય છે. મિથ્યાભિમાનનો વિલાસની સાથે સંબંધ છે પણ વિકાસની સાથે નથી; કારણ કે મિથ્યાભિમાન અને વિકાસ બન્ને પરસ્પર વિરોધી છે. જ્યાં વિકાસ છે ત્યાં મિથ્યાભિમાન રહેતું નથી પણ જ્યાં મિથ્યાભિમાન હોય છે ત્યાં વિલાસ હોઇ શકે છે અને તેનો પુદ્ગલાનંદીપણાની સાથે ગાઢ સંબંધ છે. ઉચ્ચ કોટીના પુરુષોમાં ગણાવાની અને તેમની જેમ પૂજાવાની ઇચ્છા મિથ્યાભિમાનીને હોય છે. બીજાની કરેલી પૂજા તથા પ્રશંસાથી આનંદ મનાવી પ્રફુલ્લિત થવું તે એક મિથ્યાભિમાનથી ઉદ્ભવેલી વિકૃતિ છે. તે વિકાસને નહિ પણ વિલાસને ઓળખાવે છે; કારણ કે વિકાસ વિકૃતિસ્વરૂપ નથી પણ વિલાસ વિકૃતિસ્વરૂપ છે અને એટલા માટે જ જો કોઈ તેમનો તિરસ્કાર કરીને વખોડે તો તેઓ આવેશમાં આવી જાય છે કે જે આવેશ પણ એક વિકૃતિસ્વરૂપ છે. આ આવેશ-ક્રોધ મિથ્યાભિમાનને સ્પષ્ટપણે જાહેર કરનારો છે. જ્યાં જ્યાં ક્રોધ રહેલો હોય છે ત્યાં ત્યાં અભિમાન પણ અવશ્ય રહેલું હોય છે; કારણ કે અભિમાન સિવાય ક્રોધ થઈ શકતો નથી. જેને જે વસ્તુનું અભિમાન હોય છે તે વસ્તુને વખોડવાથી તેને ક્રોધ થાય છે. જેમકે: કોઇ પોતાને જ્ઞાની માનતો હોય તેને અજ્ઞાની કહીને તિરસ્કાર કરવાથી, વિદ્વતાના મદવાળાને મૂર્ખ કહેવાથી, વિકાસીપણાના માનવાળાને વિલાસી કહેવાથી. એવી રીતે બીજી કોઇ પણ વસ્તુનું અભિમાન કરનારને વખોડવાથી ક્રોધિત થાય છે અને પ્રશંસા કરવાથી ફુલાય છે માટે જ તે વિકૃતિસ્વરૂપ હોવાથી દેહાધ્યાસને સૂચવે છે; કારણ કે આ બધી વિકૃતિઓ દેહાધ્યાસીને જ થાય છે કે જે એક અજ્ઞાનતાનું ચિહ્ન છે.

આત્મા પોતાના ગુણોથી કંગાલ હોઇને પ્રશંસા કરાયેલા પરપૌદ્ગલિક ગુણોનો પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંદર આરોપ કરીને મિથ્યાભિમાનના નશામાં ચકચૂર બની જાય છે. તે એક ગાઢતમ મિથ્યાત્વના ઉદયની નિશાની છે અને એટલા માટે જ તે પોતાનાથી ભિન્ન દેહધારીની પ્રશંસા સાંભળીને ઈર્ષાથી તેને અનેક દોષોથી દૂષિત ઠરાવે છે; પણ પોતાનાથી ભિન્ન પણ પોતાની નિશ્રામાં રહેલા નામધારી દેહની પ્રશંસા સાંભળીને રાજી થાય છે, પણ દોષોથી દૂષિત કરતો નથી. જો કે બન્ને દેહ તથા નામો પોતાનાથી તો ભિન્ન જ છે, છતાં એકમાં સ્વબુદ્ધિ છે અને એકમાં પરબુદ્ધિ છે. જે દેહમાં સ્વબુદ્ધિ છે તેમાં અહંતા અને મમતા હોવાથી તેની પ્રશંસા બહુ ગમે છે અને જે દેહમાં પરબુદ્ધિ છે ત્યાં અહંતા અને મમતાનો અભાવ હોય છે, માટે તેની પ્રશંસા સાંભળવાથી રાજી ન થતાં દ્વેષબુદ્ધિથી તેને વખોડે છે, એ મિથ્યાભિમાનનું પરિણામ છે.

આત્માથી ભિન્ન પૌદ્ગલિક વસ્તુ માત્ર–તે પછી પોતાના આત્માની સાથે સંબંધ ધરાવતી હોય અથવા બીજા આત્માની સાથે સંબંધ ધરાવતી હોય તે સઘળીયે–ક્ષણવિનશ્વર તથા વિકૃત સ્વરૂપવાળી હોવાથી દોષવાળી છે. તેમાં વખાણવા જેવું કશુંયે હોતું નથી. છતાં કોઈ પ્રશંસા કરે તો તે સાંભળીને રાજી થવું તે અજ્ઞાનતા છે. કોઈને બાહ્ય તપ કરવાની શક્તિ સારી હોય અને છઠ, અઠ્ઠમ અઠ્ઠાઈ, પાસખમણ, માસખમણ વગેરે તપસ્યા સારી કરતો હોય તેને તપસ્યા સંબંધી મિથ્યાભિમાન થવાથી તપની શક્તિ વગરના માણસો તરફ તિરસ્કાર ઉત્પન્ન થાય છે અને તેના તપ સંબંધી કોઈ પ્રશંસા કરે તો તે ફુલાય છે, અને તેની કોઈ કદર ન કરે તો તેના ઉપર ગુસ્સે થાય છે. કોઈને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ સારો હોવાથી વિદ્વાન થાય છે અને તે ભણતર વગરના માણસને મૂર્ખ માની પોતે મિથ્યાભિમાનથી છલકાય છે, પોતાને બુદ્ધિશાળી સમજી આવડત વગરના સરળ માણસની હાંસી કરે છે. સુસ્વરવાળો દુસ્વરવાળાને, સુરૂપવાળો કુરૂપવાળાને, બળવાન નિર્બળને મિથ્યાભિમાનથી અવજ્ઞાનીદૃષ્ટિથી જુએ છે. મિથ્યાભિમાની નિર્બળ અને કાયર હોય છે માટે તે કોઈનું એક વચન પણ સહન કરી શકતો નથી. કોઈ બે બોધના વચન કહે તો તેને ન ગણકારીને તેના ઉપર ચીડાઈ જાય છે. પોતાની ભૂલ તથા દોષોને જરાયે જોતો નથી. પોતાને સર્વગુણસંપન્ન માને છે. ગુણવાન પુરુષોના ગુણોની પ્રશંસા સાંભળીને પોતે બળ્યા કરે છે અને પ્રાયઃ હંમેશાં ગુણવાનોને વખોડી તેની નિંદા કરે છે. ઘણે ભાગે મિથ્યાભિમાની આર્ત્તરૌદ્રધ્યાનવાળા હોય છે; જેથી કરી તેમનામાં શાંતિ કે સમતા ભાગ્યે જ હોઈ શકે છે. મિથ્યાભિમાનીના શત્રુઓ ઘણા હોય છે; કારણ કે તે બીજાને અવજ્ઞાનીદૃષ્ટિથી જોનારા હોય છે, માટે વિપત્તિકાળમાં કોઈ પણ તેનું સહાયક હોતું નથી અને તેને આપત્તિવિપત્તિમાં પડેલો જોઈને બીજા સંતોષ માને છે. કોઈની પણ તેના તરફ જરાયે લાગણી રહેતી નથી. અભિમાનથી આરંભેલા કાર્યોમાં સફળતા મળી શકતી નથી; કારણ કે તેને કામની આવડત હોવા છતાં પણ અભિમાનના આવેશથી અનેક પ્રકારની ભૂલો કરે છે. મિથ્યાભિમાની પોતાને બહુ હુશિયાર માને છે; પરંતુ તેનામાં મૂર્ખતા વિશેષ પ્રમાણમાં હોય છે, કારણ કે તે પ્રશંસાપ્રિય હોવાથી ઘણા માણસો તેની નિંદાગર્ભિત સ્તુતિ કરે છે, જેને સાંભળીને પોતે બહુ ખુશી થાય છે અને જે ગુણોને લઈને વખાણ કરેલાં હોય છે તે પ્રમાણે પોતાને ગુણવાન માને છે, પણ પોતે એમ નથી સમજતો કે આ મારી મશ્કરી કરે છે. પોતે ગુણશૂન્ય હોવા છતાં પણ બીજાની પ્રશંસાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાને ગુણવાન માનવાથી તે ગુણો મેળવવાને પ્રયાસ કરતો નથી; જેથી કરી નિર્ગુણી બને છે. જેમકે: કોઈ વ્યક્તિને સાધારણ કોઇ ભાષા અથવા વિષયનું જ્ઞાન હોય અને તેને તે જ ભાષા અને વિષયનો કોઇ સારામાં સારા વિદ્વાનને મળવાનો પ્રસંગ બને અને તે વિદ્વાન પોતાની સજ્જનતાથી તેનાં વખાણ કરે તો તે બહુ જ અભિમાનના આવેશમાં ફુલાઇ જાય છે અને પોતાને સારામાં સારો વિદ્વાન માને છે પણ મૂર્ખતાથી નથી સમજી શકતો કે સજ્જન–ગુણવાન પુરુષો એક સાધારણ નહિ જેવા પણ બીજાના ગુણને મહાન કરીને વખાણે છે. આવી જ રીતે રૂપ, બળ, ઐશ્વર્યતા, ધન, સંપત્તિ વગેરેને માટે પણ જ્યારે કેટલાક સ્વાર્થને લઈને, તો કેટલાક સજ્જનતાથી વખાણ કરે છે, ત્યારે મિથ્યાભિમાની મૂર્ખતાથી બહુ ફુલાઇ જાય છે; જેથી કરી પરિણામે પોતાનો સર્વનાશ કરી બેસે છે. મિથ્યાભિમાની મૂર્ખતાને લઇને પોતાના મોઢે પોતાનાં જ વખાણ કરે છે; એટલું જ નહિ પણ પોતાના હાથે અનેક ગુણગર્ભિત પોતાની પ્રશંસાઓ લખીને જનતામાં રજૂ કરે છે કે જે ગુણોમાંનો તેમનામાં અંશ પણ હોતો નથી, તો પણ પોતે અભિમાનના નશામાં ચકચૂર રહે છે. બીજાની કરેલી મિથ્યા પ્રશંસા સાંભળીને પોતે શરમાવું જોઇએ છતાં પોતાના મોઢે જ તે સંબંધી પોતાના વખાણ કરીને નિર્લજ્જતા જાહેર કરે છે, ત્યારે ગુણવાન પુરુષો બીજાની કરેલી સાચી પ્રશંસા સાંભળીને શરમાય છે અને પોતાને એક સાધારણ વ્યક્તિ તરીકે જણાવે છે તે જ તેની એક ઉત્તમતાને સૂચવે છે. મિથ્યાભિમાની માણસોમાં હલકાઇ અને નિર્ગુણતા વધુ પ્રમાણમાં હોય છે અને ગુણવાન માણસોમાં ઉત્તમતા અને નિરભિમાનતા વધુ પ્રમાણમાં હોય છે.

પૌદ્ગલિક વસ્તુઓ અભિમાનને પોષનારી હોય છે; કારણ કે તે પ્રાપ્ત થયા પછી કોઇક વિરલ જ વ્યક્તિ હશે કે જેને મદનો નશો ન ચઢ્યો હોય. જે વસ્તુ મળવાથી જેને અભિમાન થયું હોય તે વસ્તુ જનતામાં જાહેર કરવાને અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે તેનો હેતુ કેવળ પ્રશંસા કરાવવાનો અને ક્ષુદ્ર કામનાઓ સાધવાનો હોય છે. તે પ્રશંસાને એટલા માટે ચહાય છે કે તેનાથી ક્ષુદ્ર સ્વાર્થ સાધી શકાય છે. પૌદ્ગલિક વસ્તુઓ મેળવનારની પ્રશંસા કરનારાઓ પણ પુદ્ગલાનંદી સ્વાર્થી હોય છે. અભિમાન કરનારાઓમાં અત્યંત અજ્ઞાનતા તથા અપૂર્ણતા રહેલી હોય છે અને તેમાં વિવેકદૃષ્ટિ હોતી નથી; જેથી કરીને તેમની પ્રવૃત્તિ સ્વ–પરને અહિત કરનારી હોય છે. જ્ઞાનમદ અને બુદ્ધિમદ કરનારમાં અજ્ઞાનતા તથા નિર્બુદ્ધિપણું હોય છે; કારણ કે જ્ઞાનીઓ તથા બુદ્ધિશાળીઓમાં અભિમાન હોતું નથી, કારણ કે તેઓ વસ્તુસ્થિતિને જાણનારા હોય છે, માટે જ તેઓ વિવેકદૃષ્ટિ કહેવાય છે; જેથી કરીને તેઓ અનેક જીવોનું કલ્યાણ કરી શકે છે. અભિમાન એક પ્રકારની વિકૃતિ છે માટે તે આત્મિક ગુણોનો ઘાત કરનારી છે. અભિમાની નીતિ તથા ધર્મના માર્ગથી હમેશાં પરાઙ્મુખ રહે છે. બીજા બધાયે અભિમાની કરતાં જ્ઞાન તથા બુદ્ધિનું અભિમાન કરનાર વધારે અપરાધી બની અનર્થ કરનાર હોય છે; કારણ કે તે માયા–પ્રપંચથી અનેક જીવોને અવળે માર્ગે દોરે છે. જ્ઞાની પુરુષોના વચનોમાંથી પણ ભૂલ કાઢવાનું સાહસ કરે છે. સાચી વસ્તુ જણાવા છતાં પણ પોતાનું માનેલું કે કહેલું છોડતો નથી; કારણ કે તેને અપમાનનો ઘણો જ ભય રહે છે, તેમજ ક્ષુદ્ર સ્વાર્થથી ભ્રષ્ટ થવાની આશંકા રહે છે; માટે જ તેને નીતિ તથા ધર્મનું ઉલ્લંઘન કરવું પડે છે. પ્રાયઃ કરીને આવી વ્યક્તિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એઓમાં ધર્મની શ્રદ્ધા હોતી નથી. તેમજ તેઓ ઇંદ્રિયોના દાસ હોય છે, જેથી કરીને તેઓ આત્માર્થી ભોળા જીવોને અવળે માર્ગે દોરી જાય છે. ભલે, તેઓ પોતાને બુદ્ધિમાન તથા વિદ્વાન માને પરંતુ તેમનાં આરંભેલાં કાર્યમાં નિરાભિમાની–ડાહ્યો માણસ કાંઇ ખામી બતાવે તો તે મિથ્યાભિમાનને લઇને પોતની ભૂલને સુધારતો નથી; જેથી કરી પરિણામે તેને ઘણું આપત્તિવિપત્તિગ્રસ્ત થવું પડે છે કે જે એક મૂર્ખ માણસની પ્રવૃત્તિના ફળરૂપ કહી શકાય. આવા માણસોની બુદ્ધિ તથા જ્ઞાન સંબંધી મિથ્યા પ્રશંસા કરવામાં આવે તો તે પોતાને મોઢે જ પોતાને મૂર્ખ કહે છે કે જે એક મિથ્યાભિમાનનું ચિહ્ન છે. મિથ્યાભિમાની માણસોનું એક લક્ષણ છે કે તેમની જ્યારે પ્રશંસા કરવામાં આવે છે ત્યારે તેઓ હું મૂર્ખ છું એમ જણાવવામાં પણ એક મહત્ત્વતા છે એમ સમજે છે, પણ જો તેને મૂર્ખ કહેવામાં આવે તો મિથ્યાભિમાનને લઇને ગુસ્સે થાય છે; તપ, જપ, ધ્યાન આદિ ઉત્તમ પ્રવૃત્તિઓ પણ મિથ્યાભિમાનના સંસર્ગથી દુષિત થાય છે; જેથી કરી તે નિષ્ફળ જાય છે અર્થાત્ વિપરીત ફળ આપવાવાળી થાય છે. મિથ્યાભિમાનીને આર્ત્ત-રૌદ્રધ્યાન નિરંતર જ રહે છે; કારણ કે તેના અંદર ઈર્ષા પુષ્કળ હોય છે, જેથી કરીને બીજાની પ્રશંસા સહન કરી શકતો નથી, તેમજ તેનામાં રહેલા ગુણો તથા ધનસંપત્તિ આદિને જોઇ શકતો નથી. પોતાને મહાન માની મિથ્યાભિમાનથી ફુલાયા કરે છે. મિથ્યાભિમાનીની ભાવના ઘણી જ હલકી હોય છે. તેઓ બીજાનો અભ્યુદય ઇચ્છતા નથી. દરેક બાબતમાં બીજાને પોતાનાથી હીન જોવાને આતુર રહે છે; કારણ કે તેમને પોતાની માનહાનિનો ભય રહે છે. બીજા બધા યે મારી ખુશામત કરે અને મારા દાસ બની રહે એવી ભાવનાથી બીજાને ધનસંપત્તિ પ્રાપ્ત થવાથી પોતે બળ્યા કરે છે, અને પ્રાપ્ત ન થઇ હોય તો તેને કંગાલ જ રાખવાની ઇચ્છાવાળા હોય છે; કારણ કે બીજો પોતાનાથી ધનસંપત્તિમાં વધી જાય તો પોતાનું માન જળવાતું નથી, માટે તે બીજાની નબળી સ્થિતિ જોઇને જ રાજી રહેવાવાળા હોય છે. આવી જ રીતે વિદ્યા, રૂપ, બળ, ઐશ્વર્યતા વગેરેમાં પણ પોતાનાથી નબળી સ્થિતિમાં જોવાને ઇચ્છે છે; માટે જ મિથ્યાભિમાની માણસો અધમ વૃત્તિવાળા હોય છે.

આવા માણસો જીવનમાં પોતાનું કાંઇ પણ શ્રેય સાધી શકતા નથી. એમને અભિમાની માણસ જરા યે પસંદ હોતા નથી; કારણ કે પોતે મિથ્યાભિમાની છે, એટલે બીજો અભિમાની માણસ તેમને કાંઇ હિસાબમાં ગણતો નથી; જેથી કરી તેઓ ચિત્તમાં ક્લેશવાળા રહે છે. એમને આખા યે જીવનમાં ક્યાંય પણ શાંતિ કે સુખ મળી શકતાં નથી. એમને હમેશાં મોટાઇ પસંદ હોવાથી માયા–પ્રપંચ સેવે છે અને મિથ્યા ડોળ આડંબર કરે છે. માન મેળવવાને પરાધીન હોવાથી જેમ તેમ પોતાની મહત્ત્વતા વધારવાને કેટલીક મદદ માટે બીજાની ખુશામતો કરે છે. બીજાના ગુણ ગાઇને પણ તેની પાસે પોતાના વખાણ કરાવે છે. જનતામાં સંપત્તિ તથા સત્તાથી માનનીય ગણાતા માણસોને પોતાના અનુયાયી બનાવી તેમની કરેલી પ્રશંસાથી જનતામાં યશકીર્તિ મેળવવા તેમના ગુણ ગાઇને તેમનું બહુમાન કરે છે. આવી રીતે મિથ્યાભિમાન માનવજીવનને અધમ બનાવી ભાવી ભવમાં અધમ ગતિ આપવાવાળું હોવાથી પોતાનું હિત ઇચ્છનારાઓએ સર્વથા ત્યાગ કરવો જોઇએ કે જેથી કરીને ઐહિક જીવન સુખમય વ્યતીત કરીને ભાવીમાં શુભગતિ મેળવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીતરાગ દેવની આરાધના

લેખક : વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ, બી. એ. એલએલ. બી.; મુ. સાદરા.

**यस्य चाराधनोपायः सदाज्ञाभ्यास एव हि ।**
**यथाशक्तिविधानेन नियमात्स फलप्रदः ॥**

**ભાવાર્થ**—તેની ( મહાદેવની ) આજ્ઞાનો—આગમોનો સદા અભ્યાસ જ યથાશક્તિ આચરણમાં ઉતારવાથી તે અવશ્ય ફળ આપતો હોવાથી તેની આરાધના–કૃપા–પ્રસાદ પ્રાપ્ત કરવાના એક માત્ર ઉપાય–હેતુરૂપ છે.

વિક્રમ સંવત ૭૦૦ થી ૭૭૦ લગભગ થયેલા શ્રીમાન હરિભદ્રસૂરિકૃત અષ્ટના પહેલા અષ્ટકમાં પ્રથમના ચાર શ્લોકોથી ' મહાદેવ ' કોને કહેવા, જુદા જુદા નામધારક દેવદેવીઓ, પેગમ્બરો, ધર્મસંસ્થાપકો પૈકી " મહાદેવ " પદ કોને ઘટી શકે, કયા કયા મહાન ગુણોના ધારકને " મહાદેવ " શબ્દથી ઉદ્‌બોધન કરી શકાય, દેવગુરુ અને ધર્મતત્ત્વોમાં પ્રથમ દેવતત્ત્વની કોટિમાં મૂકી શકાય તેવા મહાન પુરુષસિંહ કોને સમજવા, મહાદેવની ગણનામાં આવી શકે તેવા પરમોપકારી મહાત્માને કઈ રીતે ઓળખી શકાય–તે બધી બાબતોનું કેવળ ન્યાય બુદ્ધિથી નિષ્પક્ષપાત વૃત્તિથી–કેવળ સંપ્રદાય દૃષ્ટિને બાજુ ઉપર રાખીને–તદ્દન સરલ અને સ્પષ્ટ છતાં પણ અર્થગંભીર વિવેચન કરવામાં આવેલ છે. આ વિવેચન એક જુદા–સ્વતંત્ર લેખનો વિષય થઈ શકે તેમ હોવાથી જેને હાલ તુરત બાજુ ઉપર રાખી, સદર શ્લોકોમાં તે ' મહાદેવની ' જુદા જુદા સર્વ ધર્માનુયાયીઓ કબૂલ રાખી શકે તેવી વ્યાખ્યા આપવામાં આવેલ છે અને તે **મહાદેવ**ની આરાધના, ભક્તિભાવપૂર્વકની પૂજા અને સત્કાર–સન્માન કઈ રીતે થઇ શકે તે મથાળે જણાવેલ શ્લોકથી સ્પષ્ટ કરવામાં આવેલ છે. આરાધ્યદેવની આરાધના જુદા જુદા પ્રકારના અનેક ઉપાયો અને સાધનોથી કઈ રીતે થઇ શકે, તે બાબતમાં ' મુંડે મુંડે મતિર્ભિન્ના ' ના સૂત્ર મુજબ અનેક પ્રકારના મતમતાંતરો પોતપોતાના શાસ્ત્રસિદ્ધાંતોના આધાર આગળ કરી લાંબી લાંબી પારાયણ રચી ગયા છે. જ્યારે શ્રીમાન હરિભદ્રસૂરિ મહારાજ આવી બધી પારાયણના સારનું દોહન કરીને ઉપરના એક જ શ્લોકમાં આપણને પોતાનું મરહુવનું મંતવ્ય સમજાવે છે.

આરાધ્ય દેવ–મહાદેવની પૂજા-ભક્તિ-સન્માન કરવાથી આપણને કેટલે દરજ્જે કેવા, કેવા પ્રકારના લાભની પ્રાપ્તિ થાય તેમ છે ? તે કેવી રીતે કરવા ? ખુદ મહાદેવ–વીતરાગ પરમાત્મા તેની અપેક્ષા રાખે છે કે કેમ ? તેથી તેમને પ્રસન્ન થવાપણું છે કે કેમ ? અને પ્રસન્ન થાય તો આપણને સીધી યા આડકતરી રીતે તેઓ આપણને શું આપી દેવાના છે ? આત્મકલ્યાણની સાધનામાં તે કેટલે દરજ્જે ઉપયોગી છે ? વગેરે વગેરે અનેક જાતના પ્રશ્નો ગંભીર વિચારણા માગી લે છે.

સામાન્ય કોટિના જીવો સાધારણ રીતે દેવદર્શન અને દેવપૂજામાં બધી કાર્યસિદ્ધિ માની લે છે. સંપૂર્ણ ભક્તિભાવથી દેવપૂજામાં તલ્લીન બની પ્રતિદિન પૂજામાં, દેવની અંગરચનામાં જુદી જુદી જાતના સુગંધી–ખુશબોદાર પુષ્પોની માળા, હાર, છોગા, બેરખા વગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવવામાં, પ્રભુના શરીર ઉપર રસિક કલાપૂર્વક ગોઠવવામાં તેમજ પૂજાની અન્ય સાધન–સામગ્રી એકઠી કરી, તેનો ઉપયોગ કરવામાં કલાકોના કલાકોનો આનંદ અને રસપૂર્વક ભોગ આપે છે અને સંગીત, ગીત, વાદ્ય અને નૃત્યના સુસજ્જ સાધનોની મદદથી પરમાત્મા પ્રભુની સ્તુતિ અને ગુણગાનમાં, ઘડીભર દુન્યવી તમામ વસ્તુઓને ભૂલી જઈ ભક્તિ-ભાવ અને પરમોલ્લાસપૂર્વક આનંદમગ્ન બની રહે છે; તેમજ જપમાળાની મદદથી ધ્યાનારુઢ થઇ એકતાનતા સાધે છે.

આ બધી વસ્તુઓના દિનપ્રતિદિનના સતત અને ચાલુ અભ્યાસથી કવચિત્ ચિત્તની તન્મયતા અને એકાગ્રતા ન જ થવાની હોય તો પણ યાંત્રિક ઘટનાની માફક તે આપોઆપ બની રહે છે; એટલે કવચિત મન અન્ય વિચારણામાં રોકાઇ ગયું હોય તો પણ રોજની કાર્યપ્રણાલિકા યથાપ્રકારે જળવાઇ રહે છે અને અન્ય સાવદ્ય યોગથી નિવૃત્તિ મેળવેલી હોઇ પરમાત્મદેવની ભક્તિ–પૂજામાં તલ્લીન રહે તો ભક્તજન પોતાને ધન્ય અને સાધક દશામાં આગળ વધેલો માની લઇ આત્મસંતોષ મેળવતો રહે છે. આરાધ્યદેવની આરાધનાનો આ એક અગત્યનો પ્રકાર છે અને તે ઉક્ત મહાદેવની આજ્ઞાના અભ્યાસનું પરિપક્વ પરિણામરૂપ જ છે.

ઉપરોક્ત પ્રકારે સાધકદશામાં આગળ વધતો મનુષ્ય, વધતા ઓછા અંશે, શુદ્ધ હૃદયપૂર્વકની ભાવનાના પ્રમાણમાં પોતાના આત્માનું કલ્યાણ સાધતો, સાધ્યદિશા તરફ પ્રયાણ કરતો જણાય છે: જૈનદષ્ટિએ આવી દેવપૂજાના બે ભેદ પાડવામાં આવેલ છે. તે દ્રવ્યપૂજા અને ભાવપૂજા. તેમાં પણ **अधिकारीवशात् शास्त्रे धर्मसाधन संस्थितिः** એ સૂત્ર અનુસાર શાસ્ત્રમાં ધર્મના સાધનોની વ્યવસ્થા અધિકારીની અપેક્ષાએ રાખવામાં આવેલી હોવાથી ગૃહસ્થદશામાં રહેલ મનુષ્ય માટે, જ્યારે બંને પ્રકારની પૂજાની આવશ્યક્તા સ્વીકારવામાં આવેલ છે ત્યારે સાધુદશામાં રહેલા પુરુષ માટે ફક્ત **ભાવપૂજા**ની જ આવશ્યક્તા સ્વીકારવામાં આવેલ છે. વળી દ્રવ્યપૂજા તે ભાવપૂજાનું નિમિત્ત ગણાવવામાં આવેલ હોવાથી, મુખ્યતા, મહત્વતા–પ્રધાનતા તો ભાવપૂજામાં જ રહેલી છે.

ઉત્તમ પ્રકારની વિપુલ સાધનસામગ્રી દ્રવ્યપૂજાને ઉચ્ચ સ્થાન ઉપર મૂકવામાં, તેની યથા પ્રકારે ખીલવણી કરવામાં ઘણી મદદગાર થઇ પડે છે અને તેવી દ્રવ્યપૂજા હૃદયના શુદ્ધ ભાવો અને પવિત્ર ભાવનાઓમાં પ્રેરણાદાયી હોવાથી, દ્રવ્યપૂજામાંથી ભાવપૂજામાં પ્રવેશ થતાં આનંદ અને ઉલ્લાસની અવધિ થઇ રહે છે; એટલું જ નહિ પણ પૂર્ણ ભક્તિ, એનાથી શુદ્ધ હૃદયની તલ્લીનતા અને તાદાત્મ્ય ભાવ જાગૃત થાય છે.

મહાદેવ—તીર્થંકર ભગવાન–વીતરાગ પરમાત્માના આવા પ્રકારના ભક્તિયોગમાં પણ જૈન દષ્ટિએ–આર્ય સંસ્કૃતિપોષક અન્ય સાંપ્રદાયિક દષ્ટિ કરતાં એટલી વિશેષતા અગર ભિન્નતા ધરાવે છે કે વીતરાગ પરમાત્મા આપણા આરાધ્યદેવ, વીતરાગદશામાં હોઇ આપણા તરફના ભક્તિભાવની લાલચ કે અપેક્ષા રાખતા નથી; તેમજ આપણી ભક્તિને વશ થઇને કે આપણા ભક્તિભાવથી પ્રસન્ન થઈને કે આપણી દુ:ખપૂર્ણ દયાપાત્ર સ્થિતિથી દયાર્દ્ર બનીને યા તો આપણા ઉપર પ્રીદા થઈને સામાન્ય કોટિના દેવદેવીને જેમ તપજપ કે પ્રશંસા કે ખુશામત કે લલચાવનારી વસ્તુઓથી રીઝાઇને વરદાન આપવા જેમ તૈયાર થઇ જાય છે, તેમની માફક વીતરાગ પરમાત્મા આપણને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઇ વરદાન આપવાના નથી તેમજ એમ પણ કહેવાના નથી કે **अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥**

ભાવાર્થ—હું તને સઘળા પાપોથી મુક્ત કરીશ; શોક કર નહિ. આમ છતાં પણ તેનો ફલિતાર્થ એ નથી કે જૈન દૃષ્ટિએ પરમદેવ પરમાત્મા તરફના ભક્તિભાવની–ભક્તિયોગની કંઈ કીંમત જ નથી. જુદા જુદા અનેક વિદ્વાન મુનિવરોકૃત અષ્ટપ્રકારી અને સત્તર ભેદી પૂજાઓ વગેરેમાં જુદા જુદા પ્રકારની ઉત્તમોત્તમ દ્રવ્ય પૂજાથી તેમજ ઉત્કૃષ્ટ ભાવપૂજાથી અનેક મહાપુરુષો સિદ્ધિપદને વર્યાના જ્વલંત દાખલાઓ આપણને મળી આવે છે અને શાસ્ત્રકારો જેને અનેક રીતે પુષ્ટિ આપે છે એટલે જૈન સંપ્રદાયમાં પણ ભક્તિયોગને કોઇ અનેરું જ સ્થાન છે. આવી ભિન્ન ભિન્ન દૃષ્ટિઓમાંથી પણ આપણે વિવેકબુદ્ધિના સદુપયોગથી જે મહત્વનું રહસ્ય તારવી શકીએ તે એ છે કે પરમાત્માના આલંબનથી અરિહંતદશાનું, તેમનું અલૌકિક જીવનચરિત્ર અને તેમાંના અનેક મહત્વના ઉપયોગી અને સન્માર્ગસૂચક મુદ્દાઓ આપણી દૃષ્ટિસન્મુખ રાખ્યાથી આપણે આપણા પોતાના જ પગ ઉપર ઊભા રહીને આપણા સદ્વર્તન અને ભાવિ જીવનના ઘડતરમાં તે બધી વસ્તુઓને યોગ્ય સ્થાન આપતાં તદનુસાર વર્તન કરવાથી યોગ્ય પુરુષાર્થ ફોરવીને, આપણે પણ પરમાત્મદશા પ્રાપ્ત કરવા જરૂર ભાગ્યશાળી થઇશું. વીતરાગ પરમાત્મા કંઇ આપણને ઊપાડી મોક્ષધામમાં મૂકી દેવાના નથી; પરંતુ તેમની નિશ્રાયે તેમના આલંબનથી આપણા આત્માની અનંત શક્તિઓ કર્મના આવરણરૂપ જાળાઝાંખરા નીચે ઢંકાઇ રહેલા હોય છે, તે આવરણો ખસી જતાં પ્રગટ થાય છે અને મૂળ સ્વભાવે, નિર્મળ શુદ્ધ આત્મા પરમાત્મપદ પ્રાપ્ત કરે છે. આ વસ્તુ આ રીતે લખી નાખવી બહુ સહેલી છે; પરંતુ સાધ્યની પ્રાપ્તિ ઘણી જ દુર્લભ અને કષ્ટસાધ્ય છે. આપણે ઉપર કહી ગયા તેમ શાસ્ત્રકારોએ તે માટે અનેક સાધનોની યોજના કરેલી છે; પરંતુ તે બધા જુદા જુદા સાધનો પૈકી આપણે જે સ્થિતિમાં મુકાયેલા છીએ, જે અધિકાર ઉપર સ્થિત થયેલા છીએ તેને સદર સાધનો પૈકી કયા કયા સાધનો, કેવા પ્રકારે, કેટલે દરજ્જે અનુકૂળ થઇ પડે તેમ છે તે આપણે પરમ વિવેકદૃષ્ટિથી, નિર્મળ બુદ્ધિપ્રભાથી અને પરાપૂર્વના અનુભવથી નક્કી કરી લેવાનું રહે છે. જેટલી શીઘ્રતાથી અને કુશળતાપૂર્વક આ બાબતનો નિર્ણય કરી શકાય તેમાં જ આપણા ભાવિ જીવનની ઉજ્જવલતા અને આત્માનું કલ્યાણ રહેલું છે.

આરાધ્યદેવના દર્શન, પૂજા, સત્કાર અને સન્માન પરમ ભક્તિયોગના જુદા જુદા પ્રકારો છે અને આરાધનાના અનેક ઉપાયો પૈકીનો ભક્તિયોગ એક મહત્ત્વનો ઉપાય અને સાધન છે.

આ પ્રકારના ભક્તિયોગનો સાધન તરીકે ઉપયોગ કરનારને આપણા જૈન મંદિરો, દેરાસરો અને ધર્મસ્થાનોમાં હાલની ચાલુ પ્રવૃત્તિ કેટલે દરજ્જે અનુકૂળ થઇ પડે તેમ છે; તેમાં કંઈ સુધારણાને સુધારાવધારાને અવકાશ છે કે કેમ ! બાહ્ય દેખાવ, ખાલી ધામધૂમ અને ધમાલથી સૌ કોઇના જુદે જુદા ચોકાની માફક મનમાનતી વીરસ્તુતિ અને સ્તવનો ઝૂકાવ્યે જવાથી રાગરાગણી કે તાલબેતાલ કે આલાપ સલાપનો કંઇ પણ વિચાર કર્યા વગર, ચિત્તની શાંતિ અને એકાગ્રતા પોષક પરમ શાંત વાતાવરણના સ્થાને કેટલું બધુ ડોળાયેલું અને સંક્ષુબ્ધ વાતાવરણ જમાવી દઇએ છીએ તે બધી બાબતો એકાદ સ્વતંત્ર લેખની જરૂરિયાત ઊભી કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક સાધનો પૈકી ભક્તિયોગના સાધનનો વિસ્તારથી ઉલ્લેખ કરી ગયા બાદ આરાધના માટેના અન્ય સાધનો પણ વિચારી લઇએ એ આત્મ કલ્યાણની સાધના માટે ઉપયોગી અને જરૂરનું છે. **आणाए धम्मो** એ સૂત્રને ખ્યાલમાં રાખીને જ અષ્ટકના પ્રણેતાએ **सदाज्ञाभ्यास एव हि** ના સિદ્ધાંતને પરમ વિચારણાપૂર્વક આગળ કરેલ છે. આરાધ્ય દેવ–મહાદેવની આજ્ઞાનો સદાસર્વદા અભ્યાસ કરતા રહેવું અને તેને યથાશક્તિ અમલમાં મૂકતા રહેવું એ આપણી પરમ પવિત્ર ફરજ અને આવશ્યક કર્તવ્ય ગણવા જોઇએ. શાસ્ત્રકારોએ પરમ ઉપકારક બુદ્ધિથી પોતાના વિશાળ જ્ઞાન, અભ્યાસ અને અનુભવનો આપણુ પામર જનોને લાભ આપવાની ગણતરીએ, કોઇ પણ પ્રકારની સ્વાર્થબુદ્ધિને તિલાંજલિ આપી, ભવભીરૂતાપૂર્વકની નિઃસ્વાર્થ વૃત્તિથી ધર્મશાસ્ત્રોની રચના કરેલી છે. તેમાં બાબા વાક્યં પ્રમાણં કે અંધશ્રદ્ધા કે ગતાનુગતિકતાને લેશમાત્ર સ્થાન નથી. આવા પરમ પવિત્ર ધર્મશાસ્ત્રોનું શ્રદ્ધાપૂર્વક અધ્યયન કરીએ, મનનપૂર્વક વાંચન અને અભ્યાસ કરીએ, જરૂર પ્રમાણે ગુરુગમનો લાભ લેતાં રહીએ તો આપણા જીવનમાં કંઇક અવનવો પલટો આવી જવા સંભવ છે. ધર્મશાસ્ત્રના અભ્યાસથી, પરમ વીતરાગ દેવની આજ્ઞાઓનું આપણને યથાર્થ જ્ઞાન થાય છે અને તે જ્ઞાનમાં દિન પ્રતિદિન વૃદ્ધિ થવાથી—**ज्ञानस्य फलं विरतिः** ના સૂત્ર અનુસાર જ્ઞાનવૃદ્ધિ, વૈરાગ્ય ભાવનાને ઉત્તેજના કરે છે. વૈરાગ્યભાવ અનેક સદ્‌ગુણો અને શુભ વૃત્તિઓનો પોષક હોવાથી સાધ્ય તરફના પ્રયાણમાં અનેક પ્રકારની સરળતા કરી આપે છે અને ક્રમે ક્રમે સાધ્યની સિદ્ધિ પ્રાપ્ત કરાવે છે.

સામાન્ય જનોને સરલ અને સુતર ભક્તિયોગ કરતાં પણ આવા પ્રકારનો જ્ઞાનયોગ અને તેનાથી ઉદ્‌ભવતો કર્મયોગ, શાસ્ત્રવિહિત વિધિ–વિધાન અને ક્રિયામાર્ગમાં અનુરક્તના **ज्ञान-क्रियाभ्यां मोक्षः**ના સૂત્રની સાર્થકતા પ્રતિપાદન કરે છે.

મોક્ષ પ્રાપ્તિને માટે, લોકના અગ્રભાગે રહેલ અક્ષરધામની પ્રાપ્તિને માટે, ઉચ્ચ સ્થાને ચડવા માટેની કોઇ નિસરણીની કલ્પના કરવામાં આવે તો, આ નિસરણીના જુદા જુદા પગથિયાં ઉપર આરુઢ થયેલ મનુષ્યો, પોતપોતાના અધિકાર અને પાત્રતા મુજબ ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગના પ્રભાવથી જ આગળ વધ્યે જાય છે અને તેમાં જ મનુષ્યજીવનની પરમ સાર્થકતા રહેલી છે.

નાનામાં નાના કાર્યથી માંડીને તે મહાન કાર્યનો વિચાર કરવા બેસીએ તો આપણને સ્પષ્ટ થાય છે કે તદ્દન નજીવું કાર્ય પણ તેનું યથાયોગ્ય ફળ આપ્યા વગર રહેતું નથી. સામાન્ય રીતે પાણીથી ભરેલા સરોવરમાં એક નાની કાંકરી સરખી પણ ફેંકવામાં આવે તો તે સરોવરના જળમાં નાના મોટા અનેક વર્તુલોને જન્મ આપે છે અને છેવટનું વર્તુલ સરોવરના કિનારા સુધી જઇ પહોંચે છે. તેવી જ રીતે વીતરાગ દેવપ્રણીત ધર્મશાસ્ત્રની આજ્ઞાના સદૈવ અભ્યાસથી, તેના યથાશક્તિ વિધાનથી તે અવશ્ય આપણા પ્રયાસ અને ઉદ્યમના પ્રમાણ મુજબ ફળદાયક થઇ પડે છે.

અહીં જે યથાશક્તિ શબ્દ વાપરવામાં આવેલ છે તેને કોઇ ભગ્ન હૃદય કે નિરુત્સાહી–નિરાશાવાદી પુરુષ જે અર્થમાં સમજે તે અર્થમાં નહીં સમજતાં આશાવાદી અને સહૃદયી પુરુષ જે અર્થમાં સમજે તે અર્થમાં જ વપરાયેલ સમજવાનું છે. પોતાની શક્તિને લેશ માત્ર ગોપવ્યા વગર અગર તો પોતાના મનબળ અને કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકિતનો યથાર્થ ખ્યાલ રાખ્યા વગર, તેનું યથોચિત મૂલ્યાંકન કર્યા વગર આપણાથી કંઇ બની શકતું નથી એવી લાચારીપૂર્વકની નાઇલાજી ભાવના સેવ્યા વગર સંપૂર્ણ ઉત્સાહ અને ખેલદિલી ( sportsman spirit ) થી જીવનનો વિકાસ સાધવાની બુદ્ધિથી જીવનક્રમના કાર્યપ્રદેશમાં આગળ વધ્યે જવાનું રહે છે. મૂળ સ્વભાવે આત્માની અનંત શકિતઓ છે અને તે ફોરવવા માટે પૂરતા બળ અને સામર્થ્યનો સદુપયોગ કરી લેવાનો રહે છે. ધાર્મિક કાર્યોમાં હિતકારક પ્રવૃત્તિઓમાં પોતાની શકિતઓ જે અનામત લશ્કર (reserve force ) તરીકે જાળવી રાખવાની મનોવૃત્તિ નરી બાલિશતા જ સૂચવે છે. **नायं आत्मा बलहीनेन लभ्यः** એ સૂત્ર અનુસાર આત્મા છે. પરમાત્મપદ પ્રાપ્ત કરવાની ભાવનાવાળાએ પ્રબળ પુરુષાર્થ આચરવાની જરૂર છે. ગળિયા બળદની માફક રસ્તા વચ્ચે બેસી જવાથી કંઇ કાર્યસિદ્ધિ થઇ શકે નહીં. ભાવનાશીલ મનુષ્યે તો હંમેશા ઉદ્યમશીલ બની રહી પોતાના પ્રયત્નોમાં આગળ જ વધતા રહેવું જોઇએ. પ્રેરણાદાયી ઉત્સાહમાં વૃદ્ધિ કરનાર વાતાવરણ જ આપણા માટે ઉપયોગી છે.

આરાધ્યદેવની આરાધના માટેનો જે રામબાણ ઉપાય આરાધક જનો માટે શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કુશળતાપૂર્વક આગળ કરે છે, તેનો આપણે યથાર્થ રીતે ઉપયોગ કરવા માટે સદૈવ તૈયાર રહેવું જોઇએ. તેવા પ્રકારની તૈયારીમાં જ આપણા આત્માનું હિત અને કલ્યાણ રહેલા છે. તેવી તૈયારી જ આપણને સિદ્ધપદ તરફ દોરી જઇ શકે તેમ છે. તૈયારીમાં જેટલી કચાશ અને નિર્બળતા તેટલા પૂરતી ભવભ્રમણની પરંપરામાં વૃદ્ધિ જ થતી રહેવાની. મુમુક્ષુ જનો પ્રતિદિન જ્ઞાનવૃદ્ધિ કરતા રહી–મહાદેવની આજ્ઞાનો સદૈવ અભ્યાસથી આજ્ઞાને શિરોધાર્ય ગણીને પ્રત્યેક ભવિજને–મોક્ષાર્થી પુરુષે વીતરાગ દેવની આજ્ઞાનો સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક, હૃદયના શુભ ભાવપૂર્વક, પ્રસન્ન ચિત્તથી નિર્દંભતાપૂર્વક, કપટ રહિતપણે યથાશકિત અમલ કરતા થઇ જવું જોઇએ. વિષયની પુષ્ટિમાં શ્રીમાન્ અબધૂત યોગી આનંદઘનજીની નીચેની ઉકિત અત્ર કંઇક પ્રાસંગિક થઇ પડશે.

"ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે,
પૂજા અખંડિત એહ;
કપટ રહિતપણે આત્મઅર્પણા રે,
આનંદઘન પદ એહ;
ઋષભ જિનેશ્વર પ્રિતમ મ્હારા રે.

## મુકિત

શ્રવણ થાય જો શ્રમણ મળે,
ભ્રમણા જાયને ભ્રમણ ટળે;
મમતા ગળે ને સમતા મળે,
જન્મમરણની ચિંતા ટળે.

—અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈનાગમ નિયમાવલી

( ગતાંક પૃ૪ ૧૧૭થી શરુ )

લેખક: **આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ**

૮૯. બાંધેલ કર્મોનો ઉદય થવાની બાબતમાં એવો નિયમ છે કે જઘન્ય અબાધાકાલ કે ઉત્કૃષ્ટ અબાધાકાલ પૂરો થયા બાદ જ બાંધેલા કર્મોનો ઉદય થાય. દરેક કર્મની સ્થિતિના પ્રમાણમાં અબાધાકાલની ગણત્રી હોય છે. જે કર્મની જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય, તેટલા સો વર્ષ પ્રમાણ અબાધાકાલ તે કર્મનો સમજવો. દૃષ્ટાંત તરીકે: જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અંતરાયની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડાકોડી સાગરોપમની છે. અહીં એક કોડાકોડી સાગરોપમ દીઠ, સો સો વર્ષની ગણત્રીએ તે ચારે કર્મોનો અબાધાકાલ ત્રણ હજાર વર્ષનો સમજવો; એટલે મોડા મોડા ત્રણ હજાર વર્ષ વીત્યા બાદ તે કર્મોનો જરૂર ઉદય થાય. બાંધેલ કર્મ જો અબાધાકાલ જઘન્ય ( ઓછો ) હોય, તો થોડા સમયમાં પણ તે કર્મનો ઉદય થાય છે; એટલે કર્મને બાંધનાર જીવ તે ટાઇમે તે કર્મનું ફળ ભોગવે છે. વિશેષ બીના શતક નામના પાંચમા કર્મગ્રંથની ટીકા વગેરેમાં જણાવી છે.

૯૦. ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવો પણ ક્ષપકશ્રેણિની શરુઆત કર્યા પહેલાં ક્ષાયિક સમ્યક્ત્વને પામ્યા બાદ જ ક્ષપકશ્રેણિ માંડે છે. આથી સાબિત થાય છે કે મોક્ષપ્રાપ્તિના અનંતર કારણોમાં સમ્યક્ત્વ તરીકે ક્ષાયિક સમ્યક્ત્વ જ લઇ શકાય. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ વગેરે પરંપર કારણ કહેવાય.

૯૧. શ્રી તત્ત્વાર્થસૂત્રાદિમાં ભાવ સમ્યક્ત્વ તરીકે ક્ષાયિક સમ્યક્ત્વ અને ઔપશમિક સમ્યક્ત્વ જણાવ્યા, તેનું કારણ એ છે કે સમ્યક્ત્વમાં અનંતાનુબંધી કષાયાદિ સાત પ્રકૃતિનો રસોદય કે પ્રદેશોદય વર્તતો નથી. ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં સમ્યક્ત્વ મોહનીયનો રસોદય ને તે સિવાયની ૬ પ્રકૃતિનો પ્રદેશોદય વર્તે છે; તેથી તેને દ્રવ્ય સમ્યક્ત્વ તરીકે ગણ્યું છે.

૯૨. ૧ ક્ષાયિક સમ્યક્ત્વ. ૨ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ. ૩ ઔપશમિક સમ્યક્ત્વ. આ ત્રણ સમ્યક્ત્વમાં ક્ષાયિક સમ્યક્ત્વ જ ક્ષાયિકભાવના યથાખ્યાત ચારિત્રની માફક કાયમ રહે.

૯૩. શ્રી દંડક પ્રકરણમાં જણાવેલા વનસ્પતિકાય વગેરેના સંસ્થાનોની બીના સર્વાનુયોગમય પંચમાંગ શ્રી ભગવતીસૂત્રમાં જણાવી છે. તે સંસ્થાનો બાદરવનસ્પતિકાય વગેરેમાં જ ઘટી શકે છે.

૯૪. દંડક પ્રકરણમાં જે "**सव्वेऽवि चउकसाया**" કહ્યું છે, તે મિથ્યાત્વ ગુણસ્થાનકથી માંડીને અગિયારમા ઉપશાંત કષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક સુધીના ગુણસ્થાનકોમાં વર્તતા જીવોની અપેક્ષાએ સમજવું; કારણ કે ૧૨-૧૩-૧૪મા ગુણસ્થાનકે સત્તામાં પણ કષાયો હોતા નથી.

૯૫. અસુરકુમાર નિકાયમાં રહેનારા પરમાધામિક દેવોને એક કૃષ્ણલેશ્યા હોય.

૯૬. નવગ્રૈવેયકના તથા પાંચ અનુત્તરવિમાનના દેવો પ્રયોજનના અભાવે ઉત્તર વૈક્રિય ન બનાવે.

૯૭. દેવો જે ઉત્તર વૈક્રિય બનાવે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્ય જે ઉત્તર વૈક્રિય શરીર બનાવે, તે એમાં વૈક્રિય શરીરના નીચેના ભાગની અપેક્ષાએ તફાવત હોય છે; પણ ઉપર ભાગની અપેક્ષાએ બંને શરીરની ઊંચાઇ સરખી હોય છે, એટલે દેવો લાખ યોજનપ્રમાણ ઉત્તર વૈક્રિય બનાવે ને મનુષ્ય સાધિક લાખ યોજનપ્રમાણ બનાવે.

૯૮. રત્નપ્રભા વગેરે સાતે નરકમાં અનુક્રમે ૧, ૩, ૭, ૧૦, ૧૭, ૨૨, ૩૩ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય તેમાં રત્નપ્રભાનું જે એક સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવ્યું, તેટલું આયુષ્ય બીજી નરકમાં જઘન્ય છે એમ સમજવું. એમ ત્રીજી નરક વગેરેમાં પણ એ ક્રમ હોય છે.

૯૯. મહાવિદેહ ક્ષેત્ર અઢીદ્વીપમાં પાંચ હોય છે તે આ પ્રમાણે: જંબૂદ્વીપમાં એક મહાવિદેહ, ધાતકીખંડમાં બે મહાવિદેહ ક્ષેત્ર, એ જ પ્રમાણે પુષ્કરવરદ્વીપના અર્ધાભાગમાં બે મહાવિદેહ ક્ષેત્ર હોય છે.

૧૦૦. દરેક મહાવિદેહમાં બત્રીશ બત્રીશ વિજયો હોય, તેથી પાંચ મહાવિદેહની ૧૬૦ વિજયો થાય. તેમાં દરેક મહાવિદેહની ૮, ૯, ૨૪, ૨૫મી વિજયમાં હાલ તીર્થંકર વિચરે છે; એટલે બાકીની ૨૮ વિજયમાં તીર્થંકર વિચરતા નથી.

૧૦૧. દરેક મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર દેવવાળી વિજયની સંખ્યા અને તેના તથા નગરીના નામ એક સરખા જાણવા; એટલે આઠમી પુષ્કલાવતીવિજય, નવમી વપ્રવિજય, ચોવીશમી વત્સવિજય, પચ્ચીશમી નલિનાવતીવિજય.

૧૦૨. જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રની આઠમી પુષ્કલાવતી વિજયની પુંડરગિણી નગરીમાં શ્રી સીમંધર સ્વામી વિચરે છે ને નવમી વપ્રવિજયની વિજયાપુરીમાં બીજા શ્રી યુગમંધર સ્વામી વિચરે છે, અને ચોવીશમી વત્સવિજયની સુસીમાપુરીમાં ત્રીજા શ્રી બાહુ તીર્થંકર વિચરે છે તથા પચ્ચીશમી નલિનાવતીવિજયની અયોધ્યાપુરીમાં ચોથા શ્રી સુબાહુ તીર્થંકર વિચરે છે.

૧૦૩. પૂર્વ ધાતકીખંડના મહાવિદેહક્ષેત્રની આઠમી પુષ્કલાવતી વિજયની પુંડરગિણી નગરીમાં પાંચમા શ્રી સુજાત તીર્થંકર વિચરે છે, નવમી વપ્રવિજયની વિજયાપુરીમાં છઠ્ઠા શ્રી સ્વયંપ્રભ તીર્થંકર વિચરે છે તથા ચોવીશમી વત્સવિજયની સુસીમાપુરીમાં સાતમા શ્રી ઋષભાનન તીર્થંકર વિચરે છે અને પચ્ચીશમી નલિનાવતીવિજયની અયોધ્યાપુરીમાં આઠમા શ્રી અનંતવીર્ય તીર્થંકર વિચરે છે.

૧૦૪. પશ્ચિમ ધાતકીખંડના મહાવિદેહક્ષેત્રની આઠમી પુષ્કલાવતીવિજયની પુંડરગિણી નગરીમાં નવમા શ્રી સૂરપ્રભ તીર્થંકર વિચરે છે ને નવમી વપ્રવિજયની વિજયાપુરીમાં દશમા શ્રી વિશાલપ્રભ તીર્થંકર વિચરે છે તથા ચોવીશમી વત્સવિજયની સુસીમાપુરીમાં અગિયારમા શ્રી વજ્રંધર તીર્થંકર વિચરે છે; તેમજ પચ્ચીશમી નલિનાવતી વિજયની અયોધ્યાપુરીમાં બારમા શ્રી ચંદ્રાનન તીર્થંકર વિચરે છે.

૧૦૫. પૂર્વ પુષ્કરાર્ધના મહાવિદેહક્ષેત્રની આઠમી પુષ્કલાવતી વિજયની પુંડરગિણી નગરીમાં તેરમા શ્રી ચંદ્રબાહુ તીર્થંકર વિચરે છે ને નવમી વપ્રવિજયની વિજયાપુરીમાં ચૌદમા શ્રી ભુજંગસ્વામી તીર્થંકર વિચરે છે, તથા ચોવીશમી વત્સવિજયની સુસીમાપુરીમાં પંદરમા શ્રી ઇશ્વર નામના તીર્થંકર વિચરે છે, તેમજ પચ્ચીશમી શ્રી નલિનાવતીવિજયની અયોધ્યાપુરીમાં સોળમા શ્રી નેમિપ્રભ તીર્થંકર વિચરે છે.

૧૦૬. પશ્ચિમ પુષ્કરાર્ધના મહાવિદેહક્ષેત્રની આઠમી પુષ્કલાવતી વિજયની પુંડરગિણી નગરીમાં સત્તરમા શ્રી વીરસેન તીર્થંકર વિચરે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમ્યગ્જ્ઞાનની કૂંચી—

# યોગની અદ્ભુત શકિત

મૂળ લેખક : બાબુ ચંપતરાયજી જૈની બાર-એટ-લૉ.

( વર્ષ ૩૮ ના પૃષ્ઠ ૩૦૬ થી શરુ )

## પરમાત્મ સાયુજ્યનું દિવ્ય સંકલન

"પ્રત્યેક આત્માનું સંભાવ્ય સ્વરૂપ દિવ્ય છે. બાહ્ય તેમજ આંતરિક સંયમથી દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો એ જીવનનું પરમ ધ્યેય છે. આત્માના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર કર્મયોગ, ભક્તિયોગ, તત્ત્વજ્ઞાન અને સંયમથી થઇ શકે છે. આત્માનો સાક્ષાત્કાર થતાં આત્મા મુક્ત બને છે. આ ધર્મનું સત્ય રહસ્ય છે. ધર્મના સિદ્ધાન્તો, ધાર્મિક ક્રિયાઓ, ગ્રંથો, મંદિરો વગેરેનું મહત્ત્વ આત્મસાક્ષાત્કારનાં દૃષ્ટિબિન્દુથી ગૌણ કહી શકાય." **રાજયોગ.**

યોગ એ આત્મસાક્ષાત્કારનો સક્રિય માર્ગ છે. તે આત્મા અને પરમાત્મા વચ્ચે દિવ્ય સંકલનરૂપ છે. યોગથી આત્માનું પરમ ધ્યેય ચિત્તથી દૃષ્ટિગમ્ય બને છે. યોગથી પરમાત્મપદનું સાયુજ્ય થાય છે. યોગથી પરમાત્મપદ-

---

ને નવમી વપ્રવિજયની વિજયાપુરીમાં અઢારમા શ્રી મહાભદ્ર તીર્થંકર વિચરે છે, તથા ચોવીશમી વત્સવિજયની સુસીમાપુરીમાં ઓગણીશમા શ્રી દેવયશા તીર્થંકર વિચરે છે, તેમજ પચ્ચીશમી નલિનાવતી વિજયની અયોધ્યાપુરીમાં વીશમા શ્રી અજિતવીર્ય તીર્થંકર વિચરે છે.

૧૦૭. વીશે વિહરમાન તીર્થંકર દેવોમાં આઠ જાતની સંપૂર્ણ સરખામણી આ રીતે જાણવી. ૧ શરીરનો વર્ણ સોના જેવો. ૨ પાંચસો ધનુષ્યપ્રમાણ કાયા. ૩ ચોરાશી લાખપૂર્વનું આયુષ્ય. ૪ કુમારાવસ્થા ૨૦ લાખપૂર્વ સુધી. ૫ ત્રેસઠ લાખ પૂર્વ સુધી. ૬ ચારિત્રપર્યાય એક લાખપૂર્વ સુધીનો. ૭ સો ક્રોડ મુનિપરિવાર. ૮ દશ લાખ કેવલજ્ઞાની મુનિવરો. દરેક વિહરમાન તીર્થંકરદેવને હોય છે.

૧૦૮. વિજય અને તેની નગરી, ક્ષેત્રની જુદાઇને લઇને અલગ અલગ સમજવી.

૧૦૯. દરેક વિહરમાન તીર્થંકરના, ૧ લંછન. ૨ માતાના નામ. ૩ પિતાના નામ. ૪ સ્રીના નામ જુદા જુદા હોય છે.

૧૧૦. પહેલા વિહરમાન તીર્થંકર શ્રી સીમંધરસ્વામી, આ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીના સત્તરમા શ્રી કુંથુનાથ અને અઢારમા શ્રી અરનાથ પ્રભુના અંતરકાલમાં જન્મ્યા ને તેમણે વીશમા શ્રી મુનિસુવ્રતસ્વામી અને એકવીશમા શ્રી નમિનાથના આંતરામાં દીક્ષા લીધી, અને આવતી ચોવીશીમાં થનારા સાતમા શ્રી ઉદયદેવ તીર્થંકર અને આઠમા શ્રી પેઢાલ નામના તીર્થંકરદેવના અંતરકાલ( આંતરાં )માં શ્રી સીમંધર સ્વામી નિર્વાણપદને પામશે.

**॥ समाप्ता श्रीविजयपद्मसूरिप्रणीता श्रीजैनागमनियमावलिः ॥**

**॥ प्रशस्तिः ॥**

॥ आर्यावृत्त ॥

**गयणिहिणंदिंदुमिए-विक्कमवरिसीयणेमिजम्मदिणे।**
**सिरिरायनयरमज्झे-गुरुवरसिरिणेमिसूरीणं ॥ १ ॥**
**पउमेणायरिएणं-संखेवावगमभाविजीवाणं ॥**
**सिरिजइणागमनियमावली कया भव्वबोहदया ॥२॥**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ પરમ સુખમય સ્થિતિ પ્રત્યેનું આત્માનું અભિગમન થાય છે. યોગથી આત્મા પરમાત્મ-પદનો નિકટવર્ત્તી બને છે.

ધર્મદીક્ષા અને ધર્મમાર્ગના અનેક વ્યવહારુ નિયમોમાં યોગ અનુષ્ઠાનનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. યોગનાં સ્વરૂપ સંબંધી સંક્ષિપ્ત અને સામાન્ય નિરુપણ ધર્મજીજ્ઞાસુઓને માર્ગદર્શક થઇ પડે છે. આથી સક્રિય યોગના પ્રાથમિક તત્ત્વોનું આ પ્રકરણમાં વિવેચન કરવામાં આવ્યું છે.

યોગની શક્તિ ખરેખર અદ્ભુત છે. તેથી ચિત્તની શક્તિ વધે છે. યોગને કારણે આધ્યાત્મિક ઉચ્ચ આંદોલનોનો પ્રતિઘોષ થયા કરે છે. વિશ્વમાં ચેતનની જે અનંત ક્રિયાઓ ચાલી રહેલ છે તે સર્વનું નિરીક્ષણ અને અવબોધ પણ થાય છે.

દુનિયામાં આજ સુધીમાં અનેક પ્રકારના જે મહાન ચમત્કારો આધ્યાત્મિક પુરુષો, સંતો, મહર્ષિઓ વગેરેએ કરી બતાવ્યા છે, તે સર્વ સકલ શાસ્ત્રોમાં સર્વથી મહાન યોગશાસ્ત્રનાં વિરલ જ્ઞાનને લીધે જ થયા હતા, એમ વિશિષ્ટ રીતે મનાય છે અને તે યથાર્થ જ છે.

આત્માને દુ:ખ અને બંધનનું કારણ સર્વથા અજ્ઞાનજન્ય છે. અજ્ઞાનથી આત્માનું સર્વ રીતે અધ:પતન થાય છે. અજ્ઞાનથી પરમ સુખની પ્રાપ્તિમાં મહાનમાં મહાન આવરણ ઉપસ્થિત થાય છે. આથી જ આત્માનું જ્ઞાન એ મુક્તિનું પરમ સાધન છે એવો પરમ બોધ સર્વ કાળના અને સર્વ દેશોના મહાન પુરુષોએ જગતને આપ્યા કર્યો છે, પણ સત્યનું જ્ઞાન થયાથી જ મુક્તિ મળી જતી નથી–સત્યના સાક્ષાત્કારથી જ મુક્તિ મળે છે. સત્યનો સાક્ષાત્કાર દ્રઢ શ્રદ્ધાથી જ પરિણમે છે. સુશ્રદ્ધા વિના સત્યનો સાક્ષાત્કાર કોઇ કાળે નથી થઇ શકતો. સત્યના સાક્ષાત્કાર માટે મનુષ્યની શ્રદ્ધા એવી જીવંત હોવી જોઇએ કે, જીવનનો ભય ઉપસ્થિત થાય તો પણ તે પોતાના માર્ગમાંથી એક તસુ પણ પાછીપાની ન જ કરે. શ્રદ્ધા જોઇએ તેવી સબળ ન હોય અને આશંકાનો વિચ્છેદ ન થાય ત્યાં સુધી જ આત્મસાક્ષાત્કાર નથી થઇ શકતો. મનુષ્યનું હ્રદય સત્યની શ્રદ્ધાથી ઓતપ્રોત થઈ જાય એટલે પરમાત્માનું અધિરાજ્ય તેને સહજ પ્રાપ્ત થાય છે. અહંભાવ અને શરીર આદિનો મોહ નાશ પામે છે. દેહ 'મૃતવત્' લાગે છે. શરીરનો વ્યામોહ છોડીને શરીરને મૃતવત્ માનનારને ખરું જીવન અવશ્ય પ્રાપ્ત થાય છે.

યોગથી સત્યનાં જ્ઞાનની પરિણતિ થાય છે. યોગથી જીવન્ત શ્રદ્ધાનો પ્રાદુર્ભાવ થાય છે. યોગજન્ય શ્રદ્ધા પરિવર્તનશીલ નથી હોતી. યોગથી પરમાત્મા સાથે એકતા સધાય છે. યોગથી દ્રશ્યમાન જગત અને ઇંદ્રિયલાલસાઓથી અનેકતા ( વિભેદ ) થાય છે એમ મહા પંડિત મેક્સ્મુલર કહે છે અને તે સત્ય જ છે.

યોગથી આત્મસાક્ષાત્કારના સર્વોચ્ચ શિખરે મનુષ્યનું ક્રમશ: ગમન થાય છે. યોગથી આત્માના પરમ ધ્યેયની સિદ્ધિ થાય છે. યોગની સત્યતાનું અપૂર્વ પ્રમાણ આથી મળી રહે છે. યોગથી અનેક પ્રકારના કંટકપૂર્ણ માર્ગોનું ઉલ્લંઘન કરીને મનુષ્ય આખરે સુરક્ષિતમાં સુરક્ષિત સ્થાન પણ પ્રાપ્ત કરે છે.

સત્યના અવબોધ સાથે મનુષ્યમાં શ્રદ્ધા જે પ્રમાણમાં હોય તેટલે અંશે તે આત્મસાક્ષાત્કાર સત્વર પ્રાપ્ત કરે છે. મનુષ્યને પોતાના આધ્યાત્મિક વિકાસના પ્રત્યયજનક અનેક માંગલિક ચિહ્નોનો ભાસ અવારનવાર થાય છે. એ માંગલિક ચિહ્નોથી આત્મા સદૈવ પ્રસન્ન રહે છે.

આત્મા અજ્ઞાનનાં નિવારણથી સાહજિક શક્તિ, ગૌરવ અને આનંદ પ્રાપ્ત કરે છે. અજ્ઞા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નનાં નિવારણથી જ પ્રભુતાનાં પગલાં પ્રતિક્ષણે મંડાય છે. ભૌતિક દ્રવ્ય અને આત્માની એકતારૂપ અજ્ઞાનનો ઉચ્છેદ થતા, આત્મા વિશુદ્ધ બની વિશ્વનો અધિરાજા બને છે. પારતંત્ર્યની જંજીરોમાંથી તેની મુક્તિ થઇ, તેને વિરલ સ્વતંત્ર દશા પ્રાપ્ત થાય છે. શેઠમાંથી નોકર કે ગુલામ બનેલો આત્મા પોતાનું શ્રેષ્ઠીપદ સિદ્ધ કરે છે.

સત્ય જ્ઞાનથી ભૌતિક વસ્તુઓરૂપ વિનાશક બંધનોનો વિચ્છેદ થાય છે એ યોગનો પરમ બોધ છે. યોગથી કુશ્રદ્ધાનો નાશ થઇ સત્ય શ્રદ્ધા ઉદ્ભવે છે. દ્વૈતભાવ અને નિકૃષ્ટ ભાવોનો તિરોભાવ થાય છે. જ્ઞાનરૂપ મહાશસ્ત્રથી જ અશ્રદ્ધાનું નિર્મૂલન થઈ શકે છે એવો દૃઢ પ્રત્યય પણ મનુષ્યને અવશ્ય થાય છે.

અજ્ઞાનનાં નિવારણની આવશ્યકતાના અનેક દૃષ્ટાન્તો આપી શકાય. કોઈ મનુષ્યને અંધકારમાં રજ્જુ ( દોરડું ) સર્પવત્ ભાસે છે તો તે ભયભીત થઇ જાય છે. દીપકના પ્રકાશથી કે કોઇ સુજ્ઞ મનુષ્યની સમજાવટથી જ તેનામાં રહેલ રજ્જુમાં સર્પભાવનો આખરે તિરોભાવ થાય છે. રજ્જુને સર્પ માનવામાં પોતાનું ઘોર અજ્ઞાન હતું એવો સાહજિક ભાસ થાય છે. આ જ પ્રમાણે કોઇ મનુષ્ય કોઈ પ્રકારના અજ્ઞાનજન્ય ભ્રમથી પોતાને ભૂત, પ્રેત આદિનો વળગાડ છે, એવા વહેમથી પીડાતો હોય તો, એનો એ ભ્રમ અજ્ઞાનનાં નિવારણથી થાય છે. તેનું સર્વ દુઃખ અને ભય આપોઆપ ટળી જાય છે.

જનતાનો બહુ મોટો ભાગ પોતાના સત્ય સ્વરૂપથી અજ્ઞાન હોવાથી જ દુઃખ ભોગવ્યા કરે છે. પોતાનું સ્વરૂપ અજ્ઞાન અને દુઃખ આદિ જનક હોવાના અસત્ય મંતવ્યથી જનતા અનેક પ્રકારના દુઃખ અને નિરાશામાં ગોથાં ખાધા કરે છે. સત્ય સ્વરૂપનાં અજ્ઞાનને કારણે, પ્રાકૃતિક બળો આગળ તેની સ્થિતિ અનાથ જેવી બની જાય છે. મનુષ્યને યથાયોગ્ય જ્ઞાન થાય અને અજ્ઞાનરૂપ નિદ્રસ્થ સ્થિતિમાંથી તેને યથેચ્છ જાગૃતદશા પ્રાપ્ત થાય ત્યારે જ ભૌતિક વસ્તુઓ અને ભૌતિક લાલસાઓ તેને ભ્રમરૂપ લાગે છે. આત્માને સત્ય સુખનો આવિર્ભાવ થવા માંડે છે. હૃદયમાંથી અનિષ્ટરૂપ કૃષ્ણસર્પનો નાશ પરિણમે છે. હૃદયમાં પરમાત્મા એકલો જ વિરાજે છે એવું નિશ્ચયપૂર્વક જ્ઞાન થાય છે. કોઇ મહાપુરુષનાં પ્રમાણ માત્રથી મનુષ્યને આવી અનેરી શ્રદ્ધા નથી ઉદ્ભવતી, એ અનેરી શ્રદ્ધા મનુષ્યને સ્વયમેવ થાય છે. સર્વ શંકાઓનું નિરસન થતાં, સુશ્રદ્ધાની પરિણતિ અવશ્ય થાય છે. આત્માથી સ્વયમેવ જાગૃત થયેલી શ્રદ્ધા પરિણામકારી નીવડે છે. અન્ય રીતે ઉત્પન્ન થયેલી શ્રદ્ધા નિરુપયોગી જેવી છે. આથી જ સ્વામી રામતીર્થે સત્ય કહ્યું છે કે—

" હિમાલય પર્વતનાં વૃક્ષોને પોતાની ઉષ્ણતા અને પ્રકાશથી વિકસિત કરનાર સૂર્ય મુંબઈનાં આમ્રવૃક્ષોને પોતાનો પ્રકાશ આપવાની સાફ ના પાડે અને હિમાલયના પ્રદેશની પોતાની ઉષ્ણતામાંથી પોતાની વૃદ્ધિ અને વિકાસ સાધી લેવાનું મુંબઇનાં વૃક્ષોને સૂચન કરે તો, મુંબઇનાં વૃક્ષોનું અસ્તિત્વ જ ન રહે. આ જ પ્રમાણે બુદ્ધ, ઇસુ કે મહંમદને પ્રાપ્ત થયેલા જ્ઞાન–સૂર્યથી શેકસપીયર, ન્યૂટન કે મિલ્ટનનાં જીવનોનું નિર્વહન ન જ થાય. દરેક મનુષ્યે પોતાના પ્રશ્નોનું સમાધાન પોતે જ કરવાનું છે. મહર્ષિઓના ચક્ષુદ્વારા નિરીક્ષણ કરવાને બદલે, પોતાના જ ચક્ષુઓથી નિરીક્ષણ કરવું એ જ અત્યંત આવશ્યક છે."

પ્રમાણોદ્વારા શ્રદ્ધાની પરિણતિ એ અત્યંત દુર્ઘટ કાર્ય છે. આશંકાઓના સંપૂર્ણ નિર્મૂલનથી જ દૃઢ શ્રદ્ધા જાગૃત થાય છે. આશંકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓનું નિવારણ કરવામાં યથાયોગ્ય અન્વેષણ અનિવાર્ય થઇ પડે છે. શ્રદ્ધાના વાસ્તવિક સર્જનની દૃષ્ટિએ પ્રમાણો ભાગ્યે જ ઉપયુક્ત નીવડે છે. પ્રમાણોમાં મનુષ્યને પ્રાય: દોષપૂર્ણતા જણાય છે. પ્રમાણોથી શ્રદ્ધાની પરિણતિ પ્રાય: અશકયવત્‌ છે.

સંપૂર્ણ અને ચિરસ્થાયી શ્રદ્ધા અને એ શ્રદ્ધાજન્ય સ્વયં પ્રબોધન આત્મકલ્યાણની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વના છે. એ બન્નેનું નિરુપણ કરતાં પ્રો. હડસને “The Law of Mental Medicine”( માનસિક ઔષધનો નિયમ )માં વાસ્તવિક કહ્યું છે કે—

“શ્રદ્ધા એ આરોગ્યપ્રાપ્તિની એક વૈજ્ઞાનિક રીતિ છે. અભ્યાસ અને બુદ્ધિજન્ય શ્રદ્ધા પરિપૂર્ણ પ્રકારની હોય છે અને તે અત્યંત લાભદાયી છે. પૂર્ણ શ્રદ્ધા ચિરસ્થાયી રહે છે. તેની શક્તિનો કોઇ વિપરીત ઉદ્‌બોધનથી વિચ્છેદ નથી થતો.”

દરેક મનુષ્યે મુક્તિની પ્રાપ્તિ સ્વયમેવ કરવી એ યોગનો પરમ આદેશ છે. પ્રત્યેક મનુષ્ય યોગનાં અનુષ્ઠાનથી સ્વાશ્રયી બને છે. દરેક મનુષ્ય જ્ઞાનના મહામંત્રથી આત્માનો અપૂર્વ સાક્ષાત્કાર કરી શકે છે. પોતાની સર્વ આશંકાઓનું પોતે જ નિવારણ કરે છે. પોતાની આશંકાઓ શી શી છે, એ બીજો મનુષ્ય શું જાણે ? સ્વકીય આશંકાઓનું યથાર્થ નિવારણ કોઇ મનુષ્ય પોતે જ કરી શકે છે. આશંકાઓનાં નિવારણનાં ફળરૂપે સ્વાશ્રયભાવની પ્રતિપત્તિ થાય છે. સ્વાશ્રયની પરિણતિ થયા બાદ જે તે મનુષ્યની પ્રતિદિન આશ્ચર્યકારી ઉન્નતિ થયા કરે છે.

સ્વાશ્રય પછી ધ્યાન આવે છે. ધ્યાન એ યોગનું બીજું પગથિયું છે. ધ્યાનથી જ સત્ય જ્ઞાન પ્રાપ્ય બને છે. બીજા મનુષ્યોદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવું એ જ્ઞાનપ્રાપ્તિની ખરી રીતિ નથી. એવું જ્ઞાન જીર્ણવત્‌ થઇ પડે છે. કોઈ પણ વસ્તુના સંબંધમાં સ્વયમેવ વિચાર કર્યા વિના, તે વસ્તુ સંબંધી જે જે આશંકાઓ હોય તેનું સદંતર નિવારણ નથી થઈ શકતું. વારંવાર વિચારથી જે તે વસ્તુનું યથાર્થ જ્ઞાન થાય છે અને જે તે વસ્તુજન્ય આશંકાઓનો પરિણામે વિચ્છેદ થાય છે. જે તે વસ્તુનો તેનાં સર્વ દૃષ્ટિબિન્દુઓદ્વારા વિચાર થાય, તેના પ્રત્યેક સ્વરૂપનું યથાર્થ રીતે પૃથક્કરણ થાય ત્યારે જ જે તે વસ્તુનું યથાયોગ્ય જ્ઞાન સંભવી શકે છે. તે પછી કોઇ પણ પ્રકારની આશંકાને સ્થાન રહેતું જ નથી. પરિપૂર્ણ અને નિશ્ચયયુક્ત જ્ઞાનની પરિણતિ થયા બાદ આશંકાનું અસ્તિત્વ કોઇ કાળે પણ ન જ રહે. કોઈ વસ્તુ સંબંધી બીજાના નિર્ણય અને પોતાના નિર્ણયમાં હંમેશાં જમીન આસમાન જેટલો તફાવત રહે છે. બીજાનો નિર્ણય વાલુકાગૃહ સમાન છે. સ્વકીય નિર્ણય ખડક જેવો દૃઢ હોય છે. ધ્યાનથી અનેક અવનવા સિદ્ધાન્તોનું પ્રતિપાદન થાય છે. ધ્યાનથી ઉચ્ચ પ્રતિનાં જ્ઞાનની અવશ્ય પ્રાપ્તિ થાય છે. ધ્યાન સર્વદા એકાગ્રવૃત્તિ ઉપર નિર્ભર રહે છે. ચિત્તની એકાગ્રતા એ વિજયસિદ્ધિનું મહાન રહસ્ય છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ...........વર્તમાન સમાચાર...........

## શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલ રજતમહોત્સવ સમીક્ષા.

શ્રી સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં સ્થપાયેલ શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલનો રજતમહોત્સવ ( સિલ્વર જ્યુબિલી) થોડા વખત પહેલાં મહા શુદ ૧૧–૧૨–૧૩ તા. ૧૫–૧૬–૧૭ ના દિવસોમાં પાલીતાણામાં સ્ટેશન સામે આવેલ ગુરુકુલના ભવ્ય મકાનોના વિશાળ ચોકમાં ઊજવવામાં આવ્યો હતો. ચોક ઘણો વિશાળ અને લગભગ સમચોરસ છે. તેમાં સગવડ-તાથી બે ત્રણ હજાર માણસો બેસી શકે તેવી વિશાળતા છે. બેઠક માટે ચોકમાં એક ભવ્ય સમિયાણો ઊભો કરવામાં આવ્યો હતો. ઉત્સવના દિવસોમાં રાત્રે ચોકમાં અને ચોકમાં પડતાં મકાનો ઉપર વિજળીની લાઇટ ગોઠવવામાં આવી હતી. તે વખતનો દેખાવ એક મોટા રાજ્યના લગ્નાદિક સમારંભનો આભાસ આપતો હતો. આવા ગુરુકુલ જેવા વિદ્યાવિહારો શહેરથી થોડે દૂર, સ્વચ્છ, ખૂલ્લી વિશાળ જગ્યા ઉપર હોવા જોઇએ તેનું આ ગુરુકુલનું સ્થળ એક જ્વલંત દૃષ્ટાંત છે.

આ ઉત્સવમાં પ્રમુખ તરીકે વઢવાણનિવાસી શેઠ રતિલાલભાઇ વર્ધમાન શાહની પસંદગી કરવામાં આવી હતી. જેણે ગરીબાઇ વેઠી હોય, સુખદુઃખ અનુભવ્યા હોય, તડકાછાયા જોયા હોય અને આપબળે વધ્યા હોય તેવા એક ગૃહસ્થ, આવી ગુરુકુલ જેવી, ઘણે ભાગે ગામડામાં વસનાર ગરીબવર્ગના બાળકોના અભ્યાસ માટે યોજાયેલ કેળવણીની સંસ્થા તરફ જે સદ્ભાવ અને સહૃદયતા બતાવી શકે, ગરીબસંસારની જે મૂંઝવણ જાણી શકે તેવું ભાન શ્રીમંતાઇમાં ઉછરેલ અને ફક્ત શ્રીમંતાઇમાં મહાલેલ ગૃહસ્થને ઓછું થઇ શકે, તેમ ફક્ત કેળવણીના વિષયમાં રચ્યા-પચ્યા રહેતા આદર્શવાદી ઉચ્ચ કેળવણીકારને પણ આવી સંસ્થાઓની અંતરંગ મુશ્કેલીઓનો ઓછો ખ્યાલ આવે; એટલે ગર્ભશ્રીમંત કે ઉચ્ચ કેળવણીકારને બદલે ગરીબાઇ વેઠી અનેક અનુભવોમાંથી પસાર થઇ આપબળે આગળ વધેલ એક ગૃહસ્થ શ્રીમાન રતિલાલભાઇની પ્રમુખ તરીકેની વરણી સફળ થયેલ છે. તેઓશ્રીનું પ્રમુખ તરીકેનું પ્રવચન જૈન સમાજ અને જૈનધર્મનું શ્રેય ચાહનાર દરેક જૈન બંધુએ વાંચી વિચારવા જેવું છે. સમગ્ર જૈન સમાજનું પ્રતિનિધિત્વ ધરાવનાર જૈન કૉન્ફરન્સ જેવી સંસ્થાના પ્રમુખને શોભે એવી ભૂત અને વર્તમાન કાળની આપણી સ્થિતિની સમાલોચના તેઓશ્રીએ ભાષણમાં કરેલ છે.

શ્રમણ ભગવાન મહાવીરના સમયથી માંડી આજ સુધીના આપણા જ્વલંત ઇતિહાસની રૂપરેખા બતાવી તેઓશ્રી કહે છે કે: " આ અમૂલ્ય ખજાનાના વારસદારો હોવાનો દાવો કરનાર આપણામાં જ આજે પ્રમાદ અને નિશ્ચેતનતા વ્યાપી રહી છે. આ ઘોર પ્રમાદના ઘેનનું નિવારણ કરવા માટે, આપણી નિષ્ક્રિયતા ટાળવા માટે, ભવિષ્યની પ્રજાને વેગવાન કરવા માટે કેળવણી--જ્ઞાનપ્રચાર સિવાય બીજો કોઇ માર્ગ છે જ નહિ. ગુરુકુલો અને આશ્રમો, છાત્રાલયો અને વિદ્યાલયો એ આપણી આજની કાર્યદિશાનાં કેન્દ્રો છે. એ કેન્દ્રોમાં આપણી શક્તિનો થોડો પણ પ્રવાહ જશે તો સમાજમાં નવીન ભાવના, જૈનત્વનું સાચું ગૌરવ અને નવીન શક્તિનો સંચાર થશે. " આપણા શ્રમણ મુનિપુંગવોએ જૈનધર્મનો પ્રચાર કરવામાં અને જૈન સાહિત્ય રચવામાં જગત ઉપર જે અનુપમ સેવા કરી છે, તેનો ઉલ્લેખ કરતાં પ્રમુખ મહાશય કહે છે કે: " આટલા ઉપરથી આપણે જોઇ શકશું કે આ મહાન સાધુસંસ્થાએ પોતાના પવિત્ર આદર્શોદ્વારા સારાયે સમાજની સ્થાપનામાં કેટલો મહત્ત્વનો ફાળો આપ્યો છે. સૂત્રો, કાવ્ય, ન્યાય, સાહિત્ય, મીમાંસા, જ્યોતિષ, નાટક, અલંકાર, કોશ, વૈદક, વિજ્ઞાન અને બીજી કેટલીએ દિશાઓમાં તેમણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહિત્યસાગર અનેક રીતે અનેક પ્રવાહોથી ભરપૂર કર્યો છે. તેમના જ્ઞાનની સીમા નથી. તેમણે સર્જેલા સાહિત્યની જગતમાં જોડી નથી.” જૈનધર્મ જીવંત રાખવામાં મુનિવર્યોએ જે અનુપમ સેવા જૈન સમાજની કરી છે, તેનો ઉલ્લેખ કર્યા બાદ પ્રમુખ મહાશય હાલમાં સાધુવર્ગમાં જે મતમતાંતરોએ પ્રવેશ કર્યો છે અને આચારવિચારમાં જે ક્ષતિ જોવામાં આવે છે તેનો ઉદ્દેશ કરતાં જણાવે છે કે: “આજે આપણા ઘણા મુનિમહારાજો મતમતાંતરોના અનેક વ્યૂહચક્રોમાં ગૂંચવાઇ ગયા છે. પક્ષાપક્ષીમાં તણાઇ પોતાનો સાચો રાહ ચૂકયા છે. સંયમ ધારણ કરી સંયમ કૈંક અંશે શિથિલ થયો છે. જ્ઞાનનું ઓજસ્ ક્ષીણ થયું છે. અપરિગ્રહ વ્રતમાં વિવેકની ન્યૂનતા આવી છે. વિહારધર્મ મર્યાદિત કર્યો છે.”

જૈનસમાજની હાલની સ્થિતિને અંગે પણ પ્રમુખ મહાશય અસંતોષ જાહેર કરતાં જણાવે છે કે: “ આજે આપણું દૃષ્ટિબિંદુ તદ્દન સંકુચિત થઇ ગયેલ છે. સમાજની દૃષ્ટિએ અને દેશની દૃષ્ટિએ ( આપણે કોઈ વિચાર કે વ્યવહાર ) નથી કરતા, ખોટી પ્રતિષ્ઠા પાછળ તણાઇને આપણે આપણો નાશ નોતરી રહ્યા છીએ; પરંતુ ૨૦-૨૫ વર્ષ જો આ સ્થિતિ ચાલુ રહેશે તો જૈનસમાજ અને જૈનધર્મનું ભાવી જોખમાયા વિના રહેવાનું નથી.

પ્રમુખ મહાશયના આપણી હાલની સમાજની સ્થિતિના અંગના વિચારો મનનીય છે. જૈનસમાજના સુસ્વાસ્થ્ય અને વ્યવહારિક કેળવણીને અંગે આપણા મુનિમહારાજાઓમાં ઘણે ભાગે જે ઉદાસીનતા જોવામાં આવે છે, કેટલાક આચાર્યમહારાજાઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે વિરોધ કરે છે, ગુરુકુલો અને વિદ્યાલયો જેવી કેળવણીની સંસ્થાઓ તરફ અભાવ બતાવે છે, મુનિમહારાજાઓના ઉપદેશને સાંભળનારા કેટલાક શ્રદ્ધાળુ જૈનભાઇઓ પણ સમાજની ખરી સ્થિતિનો વિચાર કર્યા વિના કેળવણીની સંસ્થાઓને યથાશક્તિ મદદ કરતા અચકાય છે, જેને પરિણામે કેળવણીની સંસ્થાઓને પૂરતું સિંચન ન મળવાથી કેટલીક ઊગતી કરમાય છે અને પૂરતી વિકાસ પામતી નથી. જૈન કોમ એક દાનધર્મી કોમ છે. વ્યાપારરોજગારમાં આગળ વધતી, કેટલેક અંશે સુખી કોમ છે. ધર્મના ઉદ્યોત માટે પાણીની માફક પૈસા વાપરે છે. આવા સમાજ પાસે કેળવણીનો કેસ રજૂ કરવામાં પ્રમુખ મહાશય તદ્દન વ્યાજબી છે. છતાં આ કેસની બીજી બાજુ પણ જોવાની છે. હાલનો મંથન કાળ છે. સંક્રાંતિનો સમય છે. આવા મંથન કાળમાં જુદી જુદી વૃત્તિઓ, સાત્વિક તેમજ તામસીય અને રાજસીય પૂરજોરમાં કામ કરે છે. જેમ વિજળીનો પ્રકાશ નૅગેટિવ અને પૉઝિટિવના સંઘર્ષણથી થાય છે તેમ પરસ્પર વિરોધી વૃત્તિઓના સંઘર્ષણથી જ સત્યમાર્ગનો પ્રકાશ પડે છે. આપણા સાધુવર્ગ અને ગૃહસ્થવર્ગમાં પણ જે મતમતાંતરો અને વિરોધો જોવામાં આવે છે, તે મંથનકાળની નિશાની છે. મતમતાંતરો જ બતાવે છે કે આપણો સમાજ જીવતો છે. મુનિમહારાજાઓના સંયમમાર્ગમાં જે કાંઇ ક્ષતિ જોવામાં આવે છે તે માટે સાધુવર્ગ જેટલો જ ગૃહસ્થવર્ગ જવાબદાર છે. સાધુમહારાજાઓની ત્યાગ અને વૈરાગ્યની ભાવનાને પોષવાને બદલે ગૃહસ્થો જ તેમને આડંબરને માર્ગે ચડાવે છે. ગૃહસ્થો જ પક્ષાપક્ષીમાં ભાગ લે છે. સાધુમાર્ગના સંયમને રુંધનાર જગતની કીર્તિ અને મહત્ત્વાકાંક્ષાને પોષનાર ગૃહસ્થો જ છે; પરંતુ હાલની સાધુવર્ગની આવી બહારથી દેખાતી સ્થિતિથી ગભરાવા કાંઇ કારણ નથી. આપણા જ હાલના સાધુવર્ગમાં કેટલીક ત્યાગ અને વૈરાગ્યની જીવતી મૂર્તિઓ હયાત છે. આપણા જ સાધુવર્ગમાં આગમના પારંગામી મુનિવર્યો છે, ષટ્દર્શનમાં વિશારદો છે, હૃદયસ્પર્શી ધર્મના વ્યાખ્યાનકારો છે, દેશકાળના વિચારકો છે, વિદ્યાલયો અને ગુરુકુળોને માટે સ્વાર્પણ કરનારા પણ છે; તેવા જ મુનિમહાજાઓની પ્રેરણા અને પ્રતિભાથી મહાવીર વિદ્યાલય અને આવી ગુરુકુળ જેવી સંસ્થાઓ ઊભી થયેલ છે અને પોષાય છે; એટલે ભૂતકાળમાં દેશ અને કાળને અનુરૂપ બનીને જૈનધર્મ મુનિમહારાજાઓએ સાચવ્યો છે તેમ આ કાળને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુરૂપ બની તેઓ સમાજ અને ધર્મને નિભાવશે તેમાં શંકાને સ્થાન નથી.

આપણું ભાવિ જોખમમાં છે, એવા નિરાશાવાદી થવાનું પણ કાંઇ કારણ જણાતું નથી. છેલ્લા પચાસ વર્ષમાં જૈન સમાજે દરેક વ્યવહારના ક્ષેત્રમાં પ્રગતિ કરેલ છે. શ્રીમંતો વધ્યા છે. આપણા વ્યાપારરોજગાર વધ્યા છે. દેશપરદેશ ખેડતા આપણે થયા છીએ. ઘણા દૂર દૂરના દેશોમાં પણ જૈનો વસ્યા છે. ધર્મનું શિક્ષણ પણ ઘણું વધ્યું છે. એક નવકારમંત્ર શુદ્ધ બોલતા નહોતા આવડતો તેને બદલે ગૃહસ્થો જૈન તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કરતા જોવામાં આવે છે. આપણા ધાર્મિક ગ્રંથોનું ઘણું સંશોધન અને પ્રકાશન થયું છે; એટલે આપણો સમાજ વ્યવહાર અને ધર્મમાં અવનતિને માર્ગે છે એવું માનવાને કાંઇ કારણ નથી; છતાં બીજી દિશામાં આપણે જે છૂટથી પૈસા ખર્ચીએ છીએ, તેટલી છૂટથી કેળવણી અને સમાજના સ્વાસ્થ્ય માટે પૈસા ખર્ચવામાં આપણે ઉદાસીન રહીએ છીએ અને તે માટે આપણને જોઇએ તેવો ઉપદેશ અને સહકાર સાધુમહારાજાઓ તરફથી મળતો નથી, તે માટે પ્રમુખ મહાશયે નમ્ર પણ સચોટ શબ્દોમાં સમાજનું જે લક્ષ ખેંચેલ છે તે અભિનંદનને પાત્ર છે, અને સમાજનું શ્રેય ઇચ્છનાર દરેક વ્યક્તિ, સાધુ અને ગૃહસ્થે હૃદયમાં ધારણ કરવા જેવું છે.

આ મહોત્સવની બીજી વિશિષ્ટતા એ હતી કે આ પ્રસંગે સ્કૂલમાં વાણિજ્યમંદિર (Commercial School )ની યોજના વિચારવામાં આવી હતી.

મુંબઇ સરકારે મુંબઇ અને અમદાવાદની સરકારી બે સ્કૂલોમાં આ યોજના દાખલ કરેલ છે. હાઇસ્કૂલમાં એટલે ઇંગ્રેજી ચોથા ધોરણથી વિદ્યાર્થીઓને વ્યાપારિક શિક્ષણ આપવામાં આવે છે. સેકંડ લેંગ્વેજ, સાયન્સ જેવા વિષયોને પડતા મૂકી વ્યાપારને લગતા નામા, પત્રવ્યવહાર, શૉર્ટ હૅંડ ટાઇપ રાઇટિંગ જેવા વિષયો વિદ્યાર્થીઓ લઇ શકે છે, અને તેવા વિષયો લઇને પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં વિદ્યાર્થીઓને ડિપ્લોમા મળે છે અને કૉમર્સ કૉલેજમાં દાખલ થવું હોય તો ત્યાં દાખલ થઇ શકે છે. શ્રી યશોવિજયજી પાલીતાણા ગુરુકુળમાં આ ક્રમ દાખલ કરવા નિરધાર થયો છે. તે માટે લગભગ વીશ હજાર રૂપિઆ આપવાના વચનો મળ્યા છે. આ યોજના ઘણી જ ઉપયોગી અને વધાવી લેવા જેવી છે. આ પ્રકારનું વ્યાપારિક શિક્ષણ લેનાર વિદ્યાર્થીને વ્યાપારની પેઢીઓમાં સહેલાઇથી નોકરી મળી શકે તેમ છે; એટલે બી. એ. જેવી ડિગ્રી ધરાવનાર વિદ્યાર્થીને નોકરી માટે જે ફાંફાં મારવા પડે છે તેવા ફાંફાં વ્યાપારની સ્કૂલનો ડિપ્લોમા ધરાવનારને પણ મારવાના રહેતા નથી, અને વિદ્યાર્થી જો હુશિયાર હોય તો કૉમર્સ કૉલેજમાં દાખલ થઇ બી. કૉમ.ની ડિગ્રી માટે પોતાનો અભ્યાસ વધારી શકે છે. આ યોજના દેખાય છે તેવી પાર પાડવી સહેલી નથી. હાલમાં ચાલતી ગુરુકુળની માધ્યમિક સ્કૂલને હાઇસ્કૂલમાં બદલી નાખવી પડશે. હાઇસ્કૂલ અને વ્યાપારના ક્લાસો માટે ઘણો લાયક નિષ્ણાત સ્ટાફ રાખવો પડશે. યુનિવર્સિટીની સંમતિ મેળવવી પડશે. મુંબઇની ગુરુકુળ કમિટી તો નાણાં સંબંધી વ્યવસ્થા અને ગોઠવણ કરી શકે પણ સ્કૂલ ઉપર દેખરેખ રાખવાના સ્થાનમાં રહેનાર પ્રતિભાશાળી વ્યક્તિ હોવી જોઇએ. આપણી જૈન સંસ્થાઓની મુશ્કેલી એ જ છે કે પૈસા આપનાર તો મળે છે પણ આવી સંસ્થાને પ્રાણ આપનાર વ્યવહારિક જીવનની જંજાળમાંથી થોડે ઘણે મુક્ત થયેલ પ્રતિભાશાળી, સમાજમાં સારું સ્થાન ભોગવનાર માણસ મળતા નથી. ધનને સર્વસ્વ માનનાર આપણા સમાજમાં સેવાભાવી પગારદાર માણસોનો મોભો પડતો નથી. આ મુશ્કેલીઓ ગુરુકુલ કમિટીએ વિચારવાની છે. હાઇસ્કૂલ માટે ખર્ચનો મોટો ફાળો થતાં અત્યાર સુધી સફલ થયેલ માધ્યમિક સ્કૂલ અને બોર્ડિંગ હાઉસના ખર્ચમાં કાપ ન મૂકાય અને તેથી તેમાં શોષણ ન થાય તેની પણ સંભાળ રાખવાની છે.

આ ઉત્સવ પ્રસંગે ગુરુકુળના વિદ્યાર્થીઓએ કરેલ રંગભૂમિ ઉપરના સંવાદો, નાટયો અને ગાયનો આકર્ષક હતા. વ્યાયામના પ્રયોગો ઘણા ફત્તેહમંદ જોવામાં આવ્યા હતા. આ પ્રસંગોમાં ગુરુકુળના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યાર્થીઓના માનસિક અને શારીરિક વિકાસનો સારો ભાસ થયો હતો.

ત્રીજે દિવસે સવારે ગુરુકુળ, બાળાશ્રમ, બ્રહ્મચર્યાશ્રમ અને શ્રાવિકાશ્રમના બાળકો અને બહેનોએ સંમેલન ગોઠવ્યું હતું, તેમાં પ્રમુખસ્થાને શ્રીયુત ચંદુલાલ વર્ધમાન શાહ (રજતોત્સવના પ્રમુખ રતિલાલભાઇના ભાઈ) બિરાજ્યા હતા. ભાઇશ્રી ચંદુલાલે એક ખરા યુવકને છાજે તેવું ભાષણ કરતાં વિદ્યાર્થીઓને ઉદ્દેશીને કહ્યું હતું કેઃ "ભવિષ્યના તેઓ નાગરિક છે. રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રોમાં જે પરતંત્રતા આપણે ભોગવીએ છીએ તેનો નિડરપણે તેઓએ સામનો કરવો પડશે, સાચાને સાચું કહેવાની અને ખોટાને ખોટું કહેવાની નૈતિક હિંમત તેઓને બતાવવી પડશે અને અત્યારે હા જી હા કહેવાની અને ગાડરની જેમ પ્રવાહમાં ચાલવાની આપણી ગુલામી મનોદશા જોવામાં આવે છે, તેનો અવરોધ કરવો પડશે." ગુરુકુળ જેવી સંસ્થા સંભાળવાનું કામ ભવિષ્યમાં તેઓને શિરે જ રહેવું જોઇએ એવું સચોટ શબ્દોમાં તેઓએ જણાવ્યું હતું.

ત્રીજે દિવસે બપોરના ઇનામના મેળાવડામાં પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબ રાજ્યના મોટા અમલદારો સાથે પધાર્યા હતા. કોમના અગ્રગણ્ય ગૃહસ્થો શેઠ પોપટલાલ ધારશીભાઇ વગેરે પણ મેળાવડામાં હાજર હતા. આ પ્રસંગે ગુરુકુળની તન, મન અને ધનથી એકધારી સેવા કરનાર હાલના સેક્રેટરીઓ ભાઈશ્રી ફકીરચંદ કેસરીચંદ શરાફ અને લલ્લુભાઇ કરમચંદ દલાલને અને પહેલાં લગભગ વીશ વર્ષ દરમિયાન સ્થાનિક સેક્રેટરી તરીકે તનમનથી સેવા કરનાર ભાઇશ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીને માનપત્રો અપાયા હતા. મેળાવડાના પ્રાંતે નામદાર ઠાકોર સાહેબે ધીરા, સૌમ્ય શબ્દોમાં કહ્યુ હતું કેઃ "આ ગુરુકુળ ઉત્તરોત્તર ઉત્કર્ષ પામી સુવર્ણમહોત્સવ ઊજવવા ભાગ્યશાળી બને અને તેમાં આપણે ભાગ લઇ શકીએ એવું દીર્ઘાયુ પરમાત્મા આપણને આપે."

આ ઉત્સવમાં અથથી ઇતિ સુધી ત્રિપુટી મહારાજાઓ શ્રી દર્શનવિજયજી, ન્યાયવિજયજી અને જ્ઞાનવિજયજીએ ભાગ લીધો હતો. વિદ્વાન મહારાજશ્રી પુણ્યવિજયજી પણ લાંબો વિહાર કરી પધાર્યા હતા. મુનિવર્યોએ પ્રાસંગિક ભાષણો કરી મેળાવડાને ઘણો વેગ આપ્યો હતો. આ ગુરુકુળ કમિટીના મૂળ પ્રમુખ ઝવેરી શેઠ જીવણચંદ ધરમચંદ હાલના શ્રી જિનભદ્રવિજયજીની ભવ્ય આકૃતિ ગુરુકુળને હાર્દિક આશીર્વાદ આપતી જોવામાં આવતી હતી.

ગુરુકુળની સંસ્થાની ઉત્પત્તિ, તેના સ્થાપક શ્રી ચારિત્રવિજય(કચ્છી)નો પરિચય, હાલની નાણાંકીય સ્થિતિ બાદ જરૂરિયાતો વગેરે દર્શાવનાર મંત્રીઓનું નિવેદન વાચકવર્ગે જોઇ જવાનું રહે છે. માસિકના લેખમાં જગ્યાના સંકોચમાં વિસ્તાર કરવાનો અવકાશ નથી.

**શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી**
બી. એ., એલએલ. બી.

## શ્રી વલ્લભદાસ ત્રીભોવનદાસ ગાંધીને અપાએલું માનપત્ર



પાલીતાણા ખાતે જૈન ગુરુકુળનો રજત મહોત્સવ ઊજવવામાં આવતા, તે પ્રસંગે પાલીતાણાના ના. મહારાજા સાહેબ શ્રી બહાદુરસિંહજીના પ્રમુખપણા નીચે બુધવાર તા. ૧૭-૨-૪૩ ના એક સમારંભ રાખવામાં આવેલ, જ્યારે ગુરુકુળના વિકાસમાં સતત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવા આપેલ સંસ્થાના સંચાલકો શેઠ ફકીરચંદ કેસરીચંદ, શેઠ લલ્લુભાઇ કરમચંદને ગુરુકુળના વિદ્યાર્થીઓ તરફથી તેઓશ્રીની સતત સેવાના સન્માન કરતું એક માનપત્ર એનાયત કરવામાં આવેલ તેમજ શેઠ ગુલાબચંદ આણંદજીના પ્રમુખપણા નીચે લાંબા કાળ સુધી ગુરુકુળની સેવા કરેલ ભાવનગરની ગુરુકુળની સ્થાનિક કમિટીના સેક્રેટરી તરીકે, ગુરુકુળની વર્ષો સુધી સુંદર સેવા બજાવવા બદલ શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધીને ગુરુકુળના વિદ્યાર્થીઓ તરફથી નીચેનું માનપત્ર આપવામાં આવેલ.

" શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળની લગભગ વીશ વર્ષો દરમિયાન સ્થાનિક સેક્રેટરી તરીકે આપશ્રીએ સંસ્થાની જે અદ્વિતીય સેવા બજાવી છે, તે માટે રજત મહોત્સવના આ માંગલિક પ્રસંગે અભિનંદન આપતાં અમોને અત્યંત આનંદ ઊપજે છે.

આ સંસ્થાના પાલીતાણા ખાતેના ભવ્ય મકાનોની રચના અંગે દેખરેખ રાખવા માટે તેમજ સંસ્થાની વ્યવસ્થામાં સહાય કરવા માટે આપશ્રીએ જે પરિશ્રમ ઉઠાવેલ છે તે માટે ગુરુકુળની મૅનેજિંગ કમિટીએ આપના માટે પ્રશંસાના જે શબ્દો ઉચ્ચાર્યા છે તેમાં અમે પણ અમારો નમ્ર સૂર પુરાવીએ છીએ.

જૈન સમાજના અન્ય કેળવણી વિષયક, આધ્યાત્મિક અને સામાજિક ક્ષેત્રોમાં પણ આપશ્રી જે સેવા અનેક વર્ષોથી બજાવતા આવ્યા છો તે માટે સમાજના અંગ તરીકે અમો પણ ઋણી છીએ. આ પ્રમાણે જૈન સમાજની અને ખાસ કરીને ગુરુકુળની જે યશસ્વી સેવા આપશ્રીએ નિઃસ્વાર્થભાવે બજાવેલ છે તેથી આકર્ષાઇ અમારું આપના પ્રત્યેનું સન્માન પ્રદર્શિત કરવા આ અલ્પ અંજલિ અર્પીને અમે કૃતાર્થ થઇએ છીએ, અને આપના સેવામય જીવનને દીર્ઘાયુષ્ય ઇચ્છીને વિરમીએ છીએ.

---

સંવત ૧૯૯૯ના મહા વદિ ૫ તા. ૨૫–૨–૧૯૪૩ ગુરુવાર દિને બોટાદખાતે સ્થાનિક અને આજુબાજુના ગામડાંઓના ( શ્વે. મૂ. ) જૈન ભાઇઓએ મળીને એક " જૈન વિદ્યાર્થી ભુવન " ખોલ્યું છે.

સમગ્ર હિંદમાં હવે માબાપો બાળકોના શિક્ષણની કીંમત કાંઇક અંશે સમજતા થયા છે અને જૈન સમાજ તો મુખ્યત્વે વેપારીકોમ હોવાથી, તેમના બાળકો અશિક્ષિત હોય તો તેમનો જીવનવ્યવહાર પણ ચાલી ન શકે. આ તરફ ઘણાં ગામો એવા છે કે જ્યાં શિક્ષણના કાંઇ જ સાધનો નથી.

" પંચોળ " નામનું મંડળ આ દિશામાં ઘણાં સમયથી પ્રયાસ કરતું હતું; પરંતુ એ જ અરસામાં લીંબડીની હિજરત પછી ત્યાંનું જૈન વિદ્યાર્થીભુવન બંધ થયું. એ જ ગામડાંઓના જૈન વિદ્યાર્થીઓનો પ્રશ્ન બહુ જ વિકટ બન્યો. લીંબડીના સાધનસંપન્ન અને ઉત્સાહી ભાઈઓ ૧૨૫ જેટલી મોટી સંખ્યા રાખી સંસ્થા ચલાવતા હતા. હાલ તો તે બંધ જ છે.

આ ભાઇઓએ હાલમાં માત્ર ૨૦ વિદ્યાર્થીઓથી શરુઆત કરી છે અને ૩૦ સુધી હમણાં લઇ જવા માગે છે. દરેક કુટુંબો ઉપર નિર્વાહ ચલાવવાના વિષમ કાળમાં પણ પાંચ રૂપિયા જેવી રકમો ભરીને પોતાની લાગણી બતાવી છે. રૂા. ૩ થી ૧૦ સુધી આપી શકે તેવા પાસેથી લવાજમ અને બાકીના વિદ્યાર્થીઓને ફ્રી તરીકે રાખવાનું નક્કી કર્યું છે. ચાલુ મોંઘવારીને કારણે ખર્ચ રૂા. ૪૦૦૦) થી ૫૦૦૦) નું ગણવામાં આવ્યું છે; એટલે તેઓ એવી આશા રાખે છે કે તેમને અમદાવાદ અને મુંબઇના જૈન ગૃહસ્થો પાસેથી રૂા. ૨૦૦૦૦) થી ૨૫૦૦૦) જેટલી રકમ મળી જાય તો તેઓ પાંચ વરસ માટે નિશ્ચિંત થઇને સંસ્થાની ઉત્કર્ષ સાધવાની પ્રેરણા મેળવી શકે.

કમિટીના સભ્યો સેવાભાવી છે અને તેઓ ટૂંક સમયમાં અમદાવાદ અને મુંબઇ જશે. આપની પાસે તેઓ આવે તો યોગ્ય મદદ કરશો, કરાવશો અને તેમનું કામ જે રીતે સરળ થાય તેવી રીતે સલાહસૂચના આપી આભારી કરશો.

બોટાદ
તા. ૨૫–૨–૧૯૪૩ } વીરચંદ પાનાચંદ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


'શ્રી આત્માનંદ ગ્રંથરત્નમાળા' તરફથી નવા છપાતા અને છપાવવાના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથો.

१ श्री कथारत्नकोश : श्री देवभद्रगणिकृत.

२ श्री प्राकृत व्याकरण ढुंढिका.

३ श्री त्रिषष्टिश्लाका पुरुष चरित्र ( बीजुं, त्रीजुं, चोथुं पर्व. )

---

'શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા' તરફથી છપાતા ( ગુજરાતી ) ગ્રંથો.

૧ શ્રી આદિનાથ ચરિત્ર—( શ્રીમદ્ અમરસિંહસૂરિકૃત ) લગભગ ૫૦ ફોર્મ, ચારશેંહ પાનાનો દળદાર ગ્રંથ, વિવિધ સુશોભિત રંગીન ચિત્રો સાથે.

૨ શ્રી જ્ઞાનપ્રદીપ ( બોધસુધા સહિત )—( લે. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિ ) મનન કરવા લાયક, અનેક વિષયોથી ભરપૂર, સુંદર બાઇન્ડીંગ સાથે ૪૧૬ પાનાનો દળદાર ગ્રંથ

---

' શ્રી મહાવીર ( પ્રભુ ) ચરિત્ર. '

૫૨૦ પાના, સુંદર ગુજરાતી અક્ષરો, ઊંચા કાગળો, સુંદર ફોટાઓ અને સુશોભિત કપડાનાં મનરંજન બાઈન્ડીંગથી અલંકૃત કરેલ ગ્રંથ આ સભા તરફથી પ્રગટ થયેલ છે. આ ગ્રંથમાં પ્રભુના સત્તાવીશ ભવનું વિસ્તારપૂર્વક વર્ણન, ચોમાસાનાં સ્થળો સાથેનું લંબાણથી વિવેચન, કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પૂર્વેના ત્રીશ વર્ષ પૂર્વેનું વિહારવર્ણન, સાડાબાર વર્ષ કરેલા તપનું વિસ્તારપૂર્વક વિવેચન, થયેલા ઉપસર્ગોનું ઘણું જ વિસ્તારપૂર્વક વિવેચન જેટલું આ ગ્રંથમાં આવેલું છે તેટલું કોઈના છપાવેલા બીજા ગ્રંથોમાં આવેલ નથી; કારણ કે કર્ત્તા મહાપુરુષે કલ્પસૂત્ર, આગમો, ત્રિષષ્ઠિ વગેરે અનેક ગ્રંથોમાંથી દોહન કરી આ ચરિત્ર આટલું સુંદર રચનાપૂર્વક લંબાણથી લખ્યું છે. બીજા ગમે તેટલા લઘુ ગ્રંથો વાંચવાથી શ્રી મહાવીરજીવનનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે નહિ, જેથી આ ગ્રંથ મંગાવવા અમો ખાસ ભલામણ કરીએ છીએ. આવા સુંદર અને વિસ્તારપૂર્વક ગ્રંથની અનેક નકલો ખપી ગઇ છે. હવે જૂજ બુકો સિલિક છે. આવા ઉત્તમ, વિસ્તારપૂર્વકના વર્ણન સાથેના ગ્રંથ મોટા ખર્ચ કરી ફરી ફરી છપાવાતા નથી; જેથી આ લાભ ખાસ લેવા જેવો છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

---

શ્રી પ્રભાચંદ્રસૂરિવિરચિત-

શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) ઐતિહાસિક ગ્રંથ.

આ એક ઐતિહાસિક કથા-સાહિત્યના ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્યમહારાજના જીવન ઉપર કર્ત્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડ્યો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે, તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ, ઐતિહાસિક દૃષ્ટિએ આપી સુંદર ( ભાષાંતર ) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિક જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સુંદર અને સરલતાપૂર્વક રચના કરેલ હોઇને આ ગ્રંથને અમુક અમુક જૈન શિક્ષણશાળાઓના ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મળેલ છે. આ ઉપયોગી સાહિત્ય ગ્રંથ હોવાથી વાંચતા પણ ખાસ આનંદ ઉત્પન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ અલગ.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


૧. ઔપદેશિક પદ . . . ૧૯૭
૨. ઓ માનવી ! આ સમયમાં શુભ કામ કૈં કરતો જજે . . ૧૯૮
૩. ભગવાન મહાવીર . . ૧૯૯
૪. સમ્યક્ત્વ મીમાંસા . . ૨૦૦
૫. પરમાર્થસૂચક વાક્યસંગ્રહ . ૨૦૪
૬. શ્રી સિદ્ધસ્તોત્ર . . . ૨૦૬
૭. અહિંસાની અદ્‌ભુત શક્તિ : ઉત્સવની તૈયારી . . . ૨૦૯
૮. યોગની અદ્‌ભુત શક્તિ . ૨૧૨
૯. સુસ્વાગતમ્ . . . ૨૧૩
૧૦. સ્વીકાર અને સમાલોચના . ૨૧૪
૧૧. વર્તમાન સમાચાર . . ૨૧૫


## શ્રી જૈન આત્માનંદ સભાના સર્વ માનવંતા સભાસદો તથા ગુરુભકતોને ખાસ વિનતિ.

સ્વ. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજનું સ્મરણ નિરંતર સચવાઇ રહે તે માટે તા. ૩૦–૭–૪૨ ના રોજ મળેલી આ સભાની જનરલ મીટિંગે તે મહાપુરુષના સ્મારક માટે એક ફંડ કરવાનો ઠરાવ કરતાં સભાસદોએ નીચે પ્રમાણેની રકમ ફંડમાં ભરી છે. આપ પણ આ ફંડમાં આપનો યોગ્ય ફાળો આપશો.

૧૪૬૮) અંક ૭ માં જણાવ્યા પ્રમાણે થયેલ ફંડ.
૧૧) ત્રિકમલાલ મગનલાલ વીરવાડીયા–રાધનપુર.
૫) શેઠ કાંતિલાલ મોહનલાલ–મુંબઈ.
૫) શેઠ રાયચંદભાઇ મોતીચંદ–પારડી.
૫) ઝવેરી દયાળચંદજી ગુલાબચંદજી–આગ્રા.
૨૫) શ્રી આત્માનંદ જૈન સભા–મુંબઇ મારફત
૧૫) શેઠ ફુલચંદભાઇ શામજીભાઇ
૫) શેઠ શાંતિલાલ એમ. શાહ.
૫) શેઠ જેશીંગભાઇ લલ્લુભાઇ

૧૫૪૯) (ફંડ ચાલુ છે.)

## ભેટના ગ્રંથો

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને નીચે લખેલા ગ્રંથો ભેટ આપવાના છે.

**૧. શ્રી આદિનાથ ચરિત્ર**
**૨. શ્રી ધર્મવીર ઉપાધ્યાય**
**૩. શ્રી જ્ઞાનપ્રદીપ**
**૪. શ્રી સકલાર્હત્ સ્તોત્ર ટીકા સહિત**
**૫. શ્રી આગમસારિણી**
**૬. શ્રી સિદ્ધાંતરહસ્ય**

ઉપર લખેલા ગ્રંથો પૈકી બે ગ્રંથોનું બાઇન્ડીંગ, બ્લૉકો, છબીઓ વગેરે તૈયાર કરવાનું બાકી છે. હાલની ( લડાઇને લીધે ) સખ્ત મોંઘવારીને લઇને અને જોઇએ તે આર્ટ પેપર વગેરે જોઇએ તેવા નહિ મળતાં હોવાને લીધે તૈયાર થતાં ઢીલ થાય છે. જેથી તૈયાર થયે ધારા પ્રમાણે ભેટ મોકલવામાં આવશે. ભેટ આપવાના સઘળા ગ્રંથોની વિગતવાર નોંધ આવતા અંકમાં આપવામાં આવશે.

For Private And Personal Use Only